અક્ષરનાદ
AksharNaad.com

પ્રેમાનંદ કૃત

# સુદામાચરિત્ર અને હૂંડી

આખ્યાન કથા – રમેશ જાની

સંપાદન – મહેન્દ્ર મેઘાણી

02-2011

પ્રથમ ઈ - સંસ્કરણ

http://aksharnaad.com




# મૂળ ખિસ્સાપોથી

http://aksharnaad.com

## પ્રેમાનંદ કૃત

# સુદામાચરિત્ર અને હુંડી

આખ્યાનકથા – રમેશ જાની

સંપાદક - મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર

લોકમિલાપ, પો.બો. 23 સરદારનગર, ભાવનગર 364001

e-mail: lokmilaptrust2000@yahoo.com /ફોન (0278) 256 6402

http://aksharnaad.com

# અક્ષર નાદ

મનુભાઈ પંચોળીએ એક લેખમાં કહેલું કે, "રાજકારણનું પાયાનું જ્ઞાન સહુને મળે તેવા પ્રજાકીય પ્રૌઢ શિક્ષણની જરૂર છે." આ પ્રજાકીય પ્રૌઢ શિક્ષણ મારફત રાજકારણનું એટલેકે એના વિશાળ અર્થમાં સમાજજીવનનું પાયાનું જ્ઞાન લોકો સુધી પહોંચાડવાના એક નાના શા પ્રયત્ન રૂપે આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. આ જાતની બીજી અનેક નાની નાની સુંદર પુસ્તિકાઓ પણ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા બહાર પાડવામાં આવેલી છે. દરેક ખિસ્સાપોથીમાં ૩૨ પાનાં, દરેકની કિંમત રૂ. ૩ અને તેની ૧૦૦ નકલ ફક્ત રૂ. ૨ માં અને ૧૦૦૦ કે તેથી વધુ નકલ ફક્ત રૂ ૧. માં મેળવી શકાય છે. આ પુસ્તિકાઓની નવ લાખથી વધુ નકલો વહેંચાઈ ચૂકી છે.

આ પુસ્તિકાઓ **અક્ષરનાદ.કોમ** વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની પરવાનગી આપવા બદલ **શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી**નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો જ પડવાનો. આ પુસ્તિકાઓનો, તેમાંના સદવિચાર અને જીવનલક્ષી સાહિત્યનો પ્રચાર, પ્રસાર અને વાંચન તથા મનન થાય તેવી તેમની ઈચ્છા ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પૂર્ણ કરવાની તક અમને મળી તે માટે અમે સદભાગી છીએ.

ઈન્ટરનેટ જેવા વિશાળ, સાર્વત્રિક અને અનેક ક્ષમતાઓ ધરાવતા માધ્યમ પર આ પુસ્તિકાઓ મૂકવાની **શ્રી ગોપાલભાઈ પારેખ**ની મહીનાઓથી સેવેલી ઈચ્છા (http://gopalparekh.wordpress.com) અને અમને તેના માટે સત્તત પ્રોત્સાહન આપતા રહેવાની વૃત્તિ આનું મુખ્ય કારણ છે. આવી અનેક પુસ્તિકાઓ અક્ષરનાદ પર આવતી રહેશે. પ્રેરણાદાયી જીવનચરિત્રો, મનનીય કૃતિઓ અને જીવનલક્ષી

સાહિત્યનું આ એક નવું સોપાન છે. આશા છે આ પ્રયત્નનો લાભ મહત્તમ વાંચક મિત્રો સુધી પહોંચશે.

**- જીજ્ઞેશ અધ્યારૂ (18 ફેબ્રુઆરી 2010)**

## ઈ – સંસ્કરણ

તારીખ ૧૬ માર્ચ ૨૦૧૦ના રોજ અક્ષરનાદ પર પ્રથમ ઈ પુસ્તક ડાઉનલોડ માટે ખુલ્લુ મૂકેલું, એ પછી વિવિધ ઈ-પુસ્તકો મૂકાતા રહ્યાં છે અને સતત ડાઉનલોડ પણ થતાં રહ્યાં છે. આ જ શ્રેણી આગળ વધારતા પ્રેમાનંદ કૃત સુદામાચરિત્ર અને હુંડી નું પુસ્તક પ્રસ્તુત કરતા અનેરા હર્ષની લાગણી થાય છે. આ બધી જ

ઈ-પુસ્તિકાઓને સરસ આવકાર મળ્યો એ બદલ અક્ષરનાદના સર્વે વાંચકમિત્રો અને શુભેચ્છકોનો આભાર માનવું અત્રે ઉચિત સમજું છું. પ્રથમ ઈ-પુસ્તકથી લઈને અહીં સુધીની સફરમાં પુસ્તકના સ્વરૂપમાં અનેક સુધારાઓ કર્યા છે અને તેનો દેખાવ તથા ગોઠવણી નક્કીકરી, નાની ભૂલો સુધારી પુસ્તક લે-આઊટને વ્યવસ્થિત કરી, ઈ-પુસ્તકનું આગવું સ્વરૂપ આપ્યું છે. આશા છે વાંચકમિત્રોને આ નવું સ્વરૂપ પણ પસંદ આવશે. અક્ષરનાદ.કોમ વેબસાઈટના ડાઊનલોડ વિભાગમાં આવા અન્ય પુસ્તકો પણ ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે,

એ માટે જાઓ http://aksharnaad.com/downloads

**- જીજ્ઞેશ અધ્યારૂ**

સુદામા અને કૃષ્ણ બાળપણના ભેરુઓ. ઋષિ સાંદિપનિના આશ્રમમાં બંને અભ્યાસ કરતા. એક ગુરુના બંને વિદ્યાર્થીઓ સાથે રહેતા, સાથે જમતા, સાથે ગુરુની સેવા કરતા. ગુરુ માટે અન્નભિક્ષા માગી લાવતા. રાત્રે  એક સાથરે સૂતાં સૂતાં સુખદુ:ખની વાતો કરતા. વહેલી પરોઢે ઊઠીને વેદમંત્રોની ધૂન લગાવતા.

અભ્યાસકાળ પૂરો થયો. બાળસ્નેહીઓ છૂટા પડ્યા. સમય વહેતો ગયો. શ્રીકૃષ્ણે દ્વારિકા નગરી સ્થાપી. જ્યારે સુદામા તો સાક્ષાત દારિદ્રયની મૂર્તિ ! એમણે સંસાર માંડ્યો હતો, છતાં એ તો સદાય હરિભક્તિમાં જ લીન રહેતા. પોતે અજાચક વ્રત લીધું હતું - કોઈની પાસે હાથ લાંબો ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સુદામાની પત્ની લોકોનાં વાસીદાં વાળીને જેમતેમ ઘર ચલાવ્યે રાખતી. પણ એવું ક્યાં સુધી ચાલે ?....

“સાંભળો, નાથ ! હું તમને હાથ જોડીને વીનવું છું.” ભગવાનના બાલમિત્ર અને પરમભક્ત સુદામાને એમની પત્ની વીનવી રહી હતી. “બબ્બે દિવસથી આપણાં બાળકો ભૂખે ટળવળે છે. કંદમૂળ કે ફળ કશુંયે મળ્યું નથી. મારી સામે આશાથી જુએ છે—પણ હું એમને શું આપું?.... હું શું કરું ?”

આંખમાં આંસુ સાથે અને રૂંધાયેલા કંઠે એ બોલતી હતી. એણે પતિને કહેવા માંડ્યું: "તમે કેમ કંઈ બોલતા નથી ? જરા આપણા આ ઘરની સામે તો જુઓ ! અંદર ઠેર ઠેર બાકોરાં પડી ગયાં છે. એમાંથી આખો દિવસ કૂતરાં-બિલાડાં આવ-જા કર્યા કરે છે !”

થોડીક વાર એ પતિ સામું જોઈ રહી. સુદામા નીચું જોઈને પત્નીની ફરિયાદ સાંભળી રહ્યા હતા. જરાક ધીરી પડીને એ બોલી: "આવું કહું છું એટલે હું કદાચ તમને અળખામણી

લાગતી હઈશ. પણ શું કરું ? આપણે સંસાર માંડ્યો છે !... અન્ન વિનાં આપણાં બાળકો ટળવળે છે, નાથ ! એમને પહેરવાનું નથી, ઓઢવાનું નથી, ટાઢે થરથરે છે. બહુ ટાઢ વાય છે ત્યારે બધાં ચૂલાની રાખ ચોળીને સૂઈ જાય છે." ઋષિપત્નીનો આત્મા કકળી રહ્યો હતો.

"અને....અને," એણે પતિને વધુમાં કહેવા માંડ્યું, "તમારી પણ કેવી દશા છે ! પહેરવાને પૂરાં વસ્ત્રો તમારી પાસે નથી. બે કે ત્રણ દિવસે તમને અડધુંપડધું જમવનું મળે છે. તમારી આવી સ્થિતિ જોઈને મને તો અંગે અંગે અંગારા ચંપાય છે !'

પોતાનાં બાળકોને ભૂખ્યાં જોઈને આજે સુદામાની પત્નીનું હૈયું હાથ નહોતું રહ્યું, આજે એને ભક્તિઘેલા પતિને બધું જ કહી દેવું હતું. "અને મારી દશાની તો હું શી વાત કરું ? હું

તો ગરીબીના સમુદ્રમાં જ જાણે ડૂબી ગઈ છું. બીજું તો કંઈ નહિ, પણ માર કપાળમાં સૌભાગ્યનો ચાંદલો કરવા જેટલું કંકુ પણ મને મલતું નથી ! હું તમને પગે લાગીને પૂછું છું કે આવું કારમું દુ:ખ આપણે ક્યાં સુધી સહન કર્યા કરશું ?”

પછી, પોતાને જડી અવેલો એક ઉપાય એણે પતિને કહેવા માંડ્યો: "હે નાથ ! તમે વારંવાર કહો છો કે શ્રીકૃષ્ણ તમારા મિત્ર છે. આવો ત્રણ ભુવનનો નાથ જેનો મિત્ર હોય, જેને શામળિયા જોડે સ્નેહ હોય, તેનું કુટુંબ અનાથ કેમ રહી શકે ? સ્વામી, મારી ગરીબની વાત સાંભળો ! તમે શ્રીકૃષ્ણને ત્યાં જાઓ, એ આપણને જરૂર મદદ કરશે. આપણું દુ:ખ જાણીને ભગવાન સહાય નહિ કરે ? આપણી આખી જિંદગીનું દુ:ખ ટળી જશે !”

"પણ એ કેમ બને ?" અજાચક વ્રત પાળતા સુદામાએ મૂંઝાઈને પત્નીને પ્રશ્ન કર્યો. "કૃષ્ણ તો મારા મિત્ર છે. એમની આગળ ભીખ માગતાં તો મારો જીવ જાય ! અમે બંને એકસાથે સાંદીપનિ ઋષિને ત્યાં ભણેલા, સાથે ગુરુની સેવા કરેલી, સાથે રમેલા, એની આગળ બે હાથ જોડીને હું ભીખ માગું ?... ના, ના ! એના કરતાં તો મરવું વધારે સારું !"

"પણ, નાથ !"ઋષિપત્નીએ કરગરતાં કહેવા માંડ્યું, "શ્રીકૃષ્ણ તો અંતર્યામી છે, એને કંઈ કહેવું નહિ પડે, એ તો આપોઆપ આપણી ભીડ જાણી જશે !" સુદામાનું મન હજીયે માનતું ન હતું. એમને થયું, હું આવો દુર્બળ દેહનો, દીનહીન દીદારનો, ત્યાં યાદવોની હાજરીમાં શ્રીકૃષ્ણ સમક્ષ જઈને ઊભો રહું, તો તો એ પોતે લાજી મરે ! ના, ના, મારાથી એવી રીતે ન જવાય. એમણે પત્નીને સમજાવવા માંડી :

“જો, સાંભળ ! આપણે આપણા ગયા જન્મનાં ફળ ભોગવવાં જ જોઈએ. ત્યારે આપણે પુણ્ય નહિ કર્યાં હોય, એટલે આ જન્મે આવાં દુ:ખ ભોગવીએ છીએ. માટે જે આવી પડે એને સહન કરીને ભગવાનનું સ્મરણ કર્યાં કરવું, એ જ સાચું કામ છે. તું નકામી દુ:ખી થાય છે.”

પતિના આવાં વચનો સાંભળીને પત્નીની આંખ વળી પાછી છલકાઇ ઊઠી. ફરી ફરીને પતિને વીનવતાં એણે કહ્યું: "હું તમારે પયે પડું છું. હું જડ છું, અજ્ઞાન છું. પણ હે ઋષિ, મને તમારું આ જ્ઞાન ગમતું નથી. મારાં બાળકો ભૂખે રડે, એ મારાથી જોવાતું નથી. એમને માટે અન્ન લઈ આવો. અન્નથી જ આખું જગત જીવે છે. દેવોને પણ એના વગર ચાલતું નથી. હે ઋષિરાય, અન્ન વિના દેહ ન ટકે, તો પછી ધરમ કેમ કરીને ટકે? જાઓ, શ્રીહરિ

પાસે જાઓ. તમે એટલો ઉદ્યમ કરો. એ નિષ્ફળ નહિ જાય. હું તમને પગે પડું છું, નાથ ! મારાં ભૂખ્યાં બાળુડાંનું દુ:ખ હવે મારાથી જોવાતું નથી."

આખરે સુદામા શ્રીકૃષ્ણ પાસે જવા તૈયાર થયા. પણ પ્રભુ પાસે ખાલી હથે કેમ જવાય ?.... ઋષિપત્નિ તો હરખે માતી નહોતી. વહેલી વહેલી એ પાડોશીને ત્યાંથી પ્રભુને ભેટ ધરી શકાય એવી કોઇ વસ્તુ લેવા ગઇ. પાડોશણે એને સૂપડું ભરીને તાંદુલ-ચોખા કાઢી આપ્યા.

ખૂબ જતનથી એ તાંદુલને સાફસૂફ કરીને એણે પતિને આપ્યા. પાસે આખું વસ્ત્ર તો મળે નહિ - નાનો એવો કટકોયે એમની કને ક્યાં હતો ? એટલે દસ વીસ ચીંથરાંમાં એટલાં તાંદુલને એણે વીંટી આપ્યા....

હવે સુદામાએ દ્વારિકાની વાટ લીધી, એમને કપાળે તિલક હતું, કંઠે માળા હતી અને હોઠ પર ભગવાનનું નામ હતું. મુખ પર દાઢીમૂછનું તો જાણે જાળું જ વધી ગયું હતું. શરીર પર ધૂળ ચોંટી હતી. એમનાં પગરખાં ફાટી હયેલાં હતાં, ચાલવાથી એ 'ફટક ફટક' અવાજ કરતાં હતાં અને આખે રસ્તે ધૂળના ગોટા ઉડાડતાં હતાં. ખરબચડા દેહ ઉપર જીર્ણ વસ્ત્રની એક લંગોટી એમણે પહેરી હતી. ઉપર એક ફાટ્યુંતૂટ્યું વલ્કલ ધારણ કર્યું હતું.

પ્રભુની પાસે એમનો બાળપણનો મિત્ર આવા દીનહીન વેશે દ્વારિકા જઇ રહ્યો હતો.

દેવોએ બાંધી હોય એવી દ્વારિકા નગરીને સુદામાએ દીઠી. એનો સોનાનો કોટ પ્રભાતના સૂર્યમાં ઝળકી રહ્યો હતો. એને કાંગરે કાંગરે માણેક અને રત્નો જડ્યાં હતાં. એના દુર્ગો પર અનેક ધજાઓ ફરકી રહી હતી. એની ઉપર દુંદુભિ અને ઢોલ ગડગડી રહ્યાં હતાં. એક બાજુ ગંભીર નાદે સાગર ઘૂઘવી રહ્યો હતો. ત્યાં એની સાથે પવિત્ર ગોમતી નદીનો સંગમ થતો

હતો. ચારે વર્ણના લોકો એ સ્થળે સ્નાન કરીને પોતાનાં પાપનો નાશ કરી રહ્યા હતા. સુદામા પણ ગોમતીમાં સ્નાન કરી, પવિત્ર થઈને નગરમાં પેઠા.

એમનો વિચિત્ર વેશ અને દેખાવ જોઈને સ્ત્રી-પુરુષો મશ્કરી કરવા લાગ્યાં. કેટલાંક છોકરાં એમની પાછળ પાછળ ફરીને એમને કાંકરા પણ મારતાં હતાં. પણ સુદામા તો એમનાં આવાં તોફાનો જોઈને ઊલટા હસતા હતા અને પ્રભુનું નામ જપતા જપતા શ્રીકૃષ્ણનો મહેલ ખોળતા હતા. એક વૃદ્ધ યાદવે એમને રાજમહેલ બતાવ્યો.

ભગવાનના મહેલની ભવ્યતા સુદામા તો જોઈ જ  રહ્યા. એના વૈભવનો પાર નહોતો. સોના-રૂપા અને હીરા-માણેક તથા રત્નોથી એ ઝાકઝમાળ થઈ રહ્યો હતો. બાર બાર સૂર્ય જાણે સામટા પ્રકાશી રહ્યા હોય એવું તેજ ત્યાં પ્રકટી રહ્યું હતું. એના વિશાળ ખંડોમાં આરસપહાનના થાંભલા શોભતા હતા. સુવર્ણના અછોડાવાળા અશ્વો ચોકમાં આમતેમ

ફરતા હતા. એક બાજુ આંગણામાં મદઝરતા હાથીઓ ડોલી રહ્યા હતા. એમના પગે સુવર્ણની સાંકળો બાંધેલી હતી. ઉત્તમ યોદ્ધાઓ મહાલયના દ્વારની રક્ષા કરતા હતા.

થોડી વાર તો સુદામાએ મહેલ આગળ આંટા માર્યા કર્યા, આ જોઈને એક દ્વારપાળે વિવેકપૂર્વક પૂછ્પરછ કરવા માંડી : "કોણ છો આપ ? અહીં શા માટે પધારવું થયું ?"

“હું તો ભાઈ” સુદામાએ સરળતાથી જવાબ આપતાં કહ્યું, ”શ્રીકૃષ્ણનો જૂનો મિત્ર છું. પ્રભુને જઈને કહો કે સુદામા નામના વિપ્રે આપને પ્રણામ કહાવ્યા છે.” દ્વારપાળે એક દાસી મારફત આ સંદેશો અંદર કહાવ્યો.

દાસી જ્યારે સમાચાર આપવા અંદર ગઈ ત્યારે ત્યાં શ્રીકૃષ્ણની પટરાણીઓ એમની સેવા કરી રહી હતી. અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. ગાંધર્વો ગીત ગાતા હતા. મધુર સંગીત વાગી રહ્યું હતું.

“હે સ્વામી !” દાસીએ ભગવાનને પ્રણામ કરીને કહેવા માંડ્યું, "બહાર સુદામા નામે એક ગરીબ બ્રાહ્મણ આપને મળવા આવ્યો છે.”

એનું વાક્ય પૂરું સાંભળ્યું ન સાંભળ્યું ત્યાં તો શ્રીકૃષ્ણ એકદમ પલંગ પરથી ઊભા થઈ ગયા, પગે મોજડી પણ પહેર્યા વિના એ સુદામાને મળવ ઉતાવળા ઉતાવળા દોડવા માંડ્યા. મિત્રને પોતાને બારણે આવેલો સાંભળીને એમના હર્ષનો અને અધીરાઈનો પાર ન હતો. રાણીઓ તો પ્રભુની આ ઉતાવળ જોઈ જ રહી !

"અને જુઓ !" શ્રીકૃષ્ણે દોડતાં દોડતાં એક પળ થંભીને રાણીઓને કહ્યું, "સુદામા માટે પૂજાનો થાળ તૈયાર રાખજો."

એવો દાસીબોલ સાંભળ્યો રે, હેં હેં કરી ઊઠ્યો શામળિયો રે;
"મારો બાળસ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે !"

ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં નવ પહેર્યાં પાય રે.
પીતાંબર ભોમ ભરાયે રે, જઈ રુક્મિણી ઊંચું સાહે રે

“હે બહેન ! ભગવાનના આ મિત્ર કેવા હશે ? ભગવાનનો એમની ઉપર કેટલો બધો પ્રેમ છે !... એવા મિત્રનાં દર્શન માત્રથી આજે આપણે પાવન થઇ જવાનાં !“ સુદામાના સત્કાર માટે પૂજાપો તૈયાર કરતાં કરતાં રાણીઓ એકબીજીને આ પ્રમાણે કહેતી હતી.

એ દરમિયાન  ભગવાન તો દોડતા દોડતા મહેલના દરવાજે પહોંચી ગયા હતા. શામળિયાને આમ દોડતે પગે આવતા જોઇને સુદામાની આંખો છલકાઇ ગઇ. બંને  એકબીજાને પ્રેમથી ભેટી પડ્યા. શ્રીકૃષ્ણની આંખોમાંથી પણ હરખનાં આંસુ વહેતાં હતાં. પછી ભગવાને સુદામાની તૂંબડી પોતાના હાથમાં લઇ લીધી અને બીજે હાથે એમને દોરીને મહેલમાં લઇ આવ્યા. શ્રી કૃષ્ણની રાણીઓ તો સુદામાને જોઇ જ રહી. ક્યાં ભગવાન અને ક્યાં આ ગરીબ બ્રાહ્મણ !....  કેટલીક રાણીઓ તો ભગવાન ન જાણે તેમ, સુદામાની મશ્કરી પણ કરવા લાગી. ફક્ત એક રુક્મિણીએ ભગવાનન આ સાચા ભક્તને ઓળખ્યા હતા.

સુદામાની આગતાસ્વાગતા કર્યા પછી ભગવાને એમને ભાતભાતનાં પકવાનોનું ભોજન કરાવ્યું. ભોજન પછી બંને મિત્રો વાતો એ ચડ્યા. ભગવાને સુદામાના સમાચાર પૂછવા માંડ્યા :

“કહો તો ખરા મિત્ર, કે તમે કેમ આવા દૂબળા પડી ગયા છો ? તમને શું દુ:ખ છે ?" પછી જરા હસીને બોલ્યા, “અમારાં ભાભીનો સ્વભાવ વઢકણો નથી ને ? .... છૈયાંછોકરાં તો સાજાંસમાં છે ને, ભાઈ ?.... વાત તો કહો સુદામા, શું દુ:ખ છે તમને ?”

"તમારાથી શું અજાણ્યું છે, ભગવાન ?" સુદામાએ નીચું જોઈને જવાબ આપ્યો. પણ પછી એમણે તરત જ ઉમેર્યું, ”હા, એક દુ:ખ છે - તમારા વિયોગનું ! આજે તમને મળ્યો એટલે મારાં બધાં દુ:ખ ટળી ગયાં.”

શ્રીકૃષ્ણ પોતાના બાળપણના મિત્રને પ્રેમથી નીરખી રહ્યા. એમને પોતાના ભણતરના દિવસો યાદ આવ્યા. પોતે, પોતાના મોટા ભાઈ બલરામ અને સુદામો—એ ત્રણે જણા સાંદીપનિ ઋષિના આશ્રમમાં ભણવા રહ્યા હતા. કેવા મજાના એ દિવસો હતા !

"સુદામા, આપણે સાથે ભણતા હતા એ તમને સાંભરે છે કે ?" શામળિયાએ પૂછ્યું.

"હા હા ! નાનપણાનો એ પ્રેમ તો કેમ કરીને ભુલાય ?" સુદામાએ જવાબ આપ્યો.

"આપણે સાંદીપનિ ઋષિને ત્યાં રહેતા હતા, અન્નની ભિક્ષા માગી લાવીને આપણે ત્રણેય સાથે બેસીને ભોજન કરતા હતા ! એક સાથે આપણે સૂતા હતા !.... યાદ આવે છે ને, સુદામા ?" પ્રભુએ લાગણી ભરેલા અવાજે પૂછ્યું.

“હા, અને ત્યારે આપણે આખા દિવસનાં સુખદુ:ખની વાતો કરતા !.... " સુદામાનો અવાજ પણ લાગણીથી ઘેરો બન્યો. “પ્રભુ, એ કંઇ થોડું જ વીસરી જવાય છે ?”

“.... અને પાછલી રાત્રે જાગીને આપણે વેદનો પાઠ કરતા હતા. !... અને ..., અને સુદામા, પેલી વત યાદ આવે છે કે ?”

“કઇ વાત, પ્રભુ ?"

“એક વાર આપણા ગુરુ બહારગામ ગયા હતા ત્યારે ગોરાણીએ આપણને જંગલમાં લાકડાં લેવા મોકલ્યા હતા.” શ્રીકૃષ્ણે કહ્યું.

"અને આપણે ખાંધે કુહાડા લઈને બહુ દૂર નીકળી ગયા હતા," સુદામાને પણ આખો પ્રસંગ યાદ આવી ગયો.

જંગલમાં દૂર દૂર નીકળી ગયા પછી એમણે એક મોટા ઝાડના થડને ફાડવા માંડ્યું. બલરામે અને શ્રીકૃષ્ણે એકબીજા સાથે હોડ બકી કે કોણ વધારે લાકડાં ફાડે છે. એવામાં આકાશમાં કાળાં ડિબાંગ વાદળાં ચડી આવ્યાં. ચારેકોર ઘોર અંધારું થઈ ગયું. આંખે પડી વસ્તુ દેખાતી નથી ! વીજળીના ભયંકર ચમકારા થવા લાગ્યા. જોતજોતામાં મુસળધાર વરસદ તૂટી પડ્યો. ત્રણેય જણ પાણીથી તરબોળ થઈ ગયા.

એ ત્રણ જ્યારે જંગલમાં ટાઢે ધ્રૂજતા હતા ત્યારે ગુરુ એમને ખોળતા ખોળતા ત્યાં આવી ચડ્યા. જેવા એ બહારગામથી આવ્યા ને એમને ખબર પડી કે તરત જ સુદામા, બલરામ

અને શ્રીકૃષ્ણની તપાસ કરવા એ નીકળી પડ્યા. ઘેર જઈને ગોરાણીને ઠપકો આપ્યો. આવી આવી તો કેટલીયે વાતો શ્રીકૃષ્ણ અને સુદામા સંભારવા લાગ્યા.

“ગુરુજીનો આશ્રમ છોડીને આપણે છૂટા પડ્યા તે પડ્યા - તે પાછા આજે મળ્યા !” સુદામાને ખભે હાથ મૂકતાં શ્રીકૃષ્ણ બોલ્યા.

“હા, પ્રભુ !” સુદામાએ જવાબ વાળ્યો.

હજી પણ શ્રીકૃષ્ણને બાલપણના એ દિવસો યાદ આવ્યા કરતા હતા. એ બોલ્યા, “સુદામા, યાદ આવે છે ? તમે તો અમને ભણાવતા પણ હતા !”

“એ તો એમ કહીને તમે મને અમસ્તો મોટો બનાવો છો, ભગવાન !” સુદામાએ કહ્યું.

પછી શામળિયાજી બોલિયા, તને સાંભરે રે ?
હા જી, નાનપણાની પેર, મને કેમ વીસરે રે .

આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે ?
હા જી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે !
આપણ અન્નભિક્ષા કરી લાવતા, તને સાંભરે રે ?
મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે !

આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે ?
સુખદુખની કરતા વાત, મને કેમ વીસરે રે !

પાછલી રાતના જગતા, તને સાંભરે રે ?
હાજી, કરતા વેદની ધૂન, મને કેમ વીસરે રે !

આપણ  તે દહાડાના જૂજવા, તને સાંભરે રે ?
હા જી, ફરીને મળિયા આજ, મને કેમ વીસરે રે !

હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને સાંભરે રે ?
મને મોટો કીધો, મહારજ, મને કેમ વીસરે રે !

આમ, બધી રાણીઓની સમક્ષ શ્રીકૃષ્ણ અને સુદામા પોતાના વિદ્યાર્થી જીવનની વાતો યાદ કરતા હતા. ત્યાં સુદામાએ પોતાના પગ નીચે સંતાડેલ પોટલી ભગવાનની નજરે ચડી અને એ બોલ્યા : "સુદામા, મિત્ર, તમે પગ નીચે સંતાડો છો તે શું છે ? કહો તો ખરા કે મારાં ભાભીએ એ પોટલીમાં મારે માટે શી ભેટ મોકલી છે ?"

સુદામા હવે ખરેખરા મૂંઝાયા ! હવે શું થશે ? ભગવાન તો હઠ લઈને બેઠા છે, અને આ રાણીઓના દેખતાં મારી તો આબરૂ જવાની ! અરેરે હું ક્યાં અહીં આવ્યો ?

"નાથ ! એમાંથી અમને પણ થોડું થોડું આપજો !" રાણીઓએ વિનંતી કરતાં કહ્યું.

એ સાંભળીને તો સુદામા ખૂબ ગભરાયા. ભગવાન એમની મૂંઝવણ સમજી ગયા. એમણે હસતાં હસતાં સુદામાના પગ તળેની પેલી પોટલી ખેંચી લીધી. સુદામા હવે શું કરે? શરમિંદા બનીને એ તો નીચું જોઈને બેસી રહ્યા. બધી રાણીઓ પણ ભગવાનની પાસે આવીને જોવા લાગી. જેને માટે શ્રીકૃષ્ણ આટલી બધી આતુરતા બતાવે છે, એ તે કેવી વસ્તુ હશે !

શ્રીકૃષ્ણે પોટલી છોડવા માંડી. એક ચીંથરું છોડે, ત્યાં અંદરથી બીજું બાંધેલું નીકળે. બીજું છોડે ત્યાં ત્રીજું ચીંથરું હોય. આમ ભગવાન એક પછી એક ચીંથરાં છોડતાં જાય છે. અને રાણીઓનો અચંબો પણ વધતો જાય છે - કોણ જાણે કેવું મોંઘું રત્ન હશે એની અંદર !

આખરે બધાં ચીંથરાં છૂટ્યાં. અને ભગવાને સોનાના થાળમાં સુદામાના તાંદુલની ઢગલી કરી. સૌ જોઈ જ રહ્યાં ! શ્રીકૃષ્ણે તો ખૂબ પ્રેમથી એ તાંદુલને પોતાની છાતી સાથે ચાંપ્યા ! અને પછી તેમાંથી એક મૂઠી પોતાના મોઢામાં મૂક્તાં બોલ્યા, “કેવા મીઠા છે આ તાંદુલ !” વખાણ કરતા જાય ને ભગવાન મૂઠી ભરી ભરીને તાંદુલ આરોગતા જાય છે. અહીં ભગવાન તાંદુલની મૂઠી ભરતા જાય છે. અને ત્યાં સુદામાનાં દુ:ખ કપાતાં જાય છે !....

પહેલી મૂઠી ભરતાંની સાથે જ ત્યાં સુદામાની તૂટીફૂટી ઝૂંપડી કોણ જાણે ક્યાંય ઊડી ગઈ ! એને બદલે શ્રીકૃષ્ણના મહેલ સરખો એક મહેલ ત્યાં રચાઈ ગયો. બીજી મૂઠી ભરી અને સુદામાને ધનની રેલમછેલ થઈ રહી ! સુદામાની પત્ની અને એમનાં બાળકોનાં રૂપ બદલાઈ ગયાં. સુદામાની પત્ની તો જાણે રાણી રુકમિણી જ જોઈ લો ! અને બાળકો જાણે દેવોનાં સંતાનો ન હોય ! સુદામાના આંગણામાં હાથીઓ ડોલવા લાગ્યા. ઘોડાઓ હણહણવા

માંડ્યા. ઢોલ - નગારા અને જાતજાતનાં વાજિંત્રો વાગવા માંડ્યાં. ઘરની અંદર સોનાની સાંકળે બાંધેલા હિંડોળા પર બેઠાં સુદામાનાં પત્ની હીલોળે છે.

પણ સુદામાને તો એની થોડી ખબર હતી**?** એ તો શરમાતા શરમાતા શ્રીકૃષ્ણની સામે દ્વારિકામાં બેઠા હતા. તાંદુલ આરોગતા ભગવાનનો પ્રેમ જોઈને એમની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં હતાં.

આટલું આટલું આપ્યા છતાં ભગવાનને હજી સંતોષ થતો ન હતો. એમને તો મનમાં એમ થાય કે હજુય હું મારા ભક્તને વધારે ને વધારે આપું - બધું જ આપી દઉં ! સોનાના થાળમાંથી વધુ એક મૂઠી ભરતાં શ્રીકૃષ્ણને થયું, “બસ, હવે તો સુદામાને હું આ દ્વારિકા પણ આપી દઉં !.... અને આ પટરાણીઓ પણ મારા ભક્તની સેવા કરે એટલે એમને પણ.... !”

અને ભગવાન જેવા એ મૂઠી મોઢામાં મૂકવા જાય છે કે દેવી રુક્મિણીએ શ્રીકૃષ્ણનો હાથ પકડી લીધો. જેમ ભગવાન બધાના મનના વિચારો જાણતા, તેમ પટરાણી રુક્મિણી પણ ભગવાનના મનની વાત તરત જાણી લેતાં હતાં. એટલે એમણે શ્રીકૃષ્ણનો હાથ ઝાલી લઈને પ્રણામ કરતાં કહ્યું, "પ્રભુ ! નાથ ! - અમારો શો અપરાધ થયો છે તે આપ અમારો પણ ત્યાગ કરવ તૈયાર થઈ ગયા ?

દેવીની વાણી સાંભળીને શ્રીકૃષ્ણ અટકી ગયા. પછી એમણે બાકીના તાંદુલ બધી રાણીઓને વહેંચી આપ્યા. તાંદુલના એક એક દાણામાં ભગવાને અમૃત જેવો સ્વાદ મૂક્યો. એટલે દરેક રાણીને પણ તે ખૂબ મીઠા લાગ્યા.

પછી તો હસીહસીને વાતો કરતાં આખી રાત વીતી ગઈ. સવાર થયું. સુદામાએ ભગવાન પાસે પોતાને ઘેર પાછા જવાની રજા માગી. શ્રીકૃષ્ણે કહ્યું, "ભલે, પણ વળી પાછા કોઈ કોઈ વાર આવતા રહેજો - અને અમારું ઘર પાવન કરતા રહેજો !"

સુદામાને વળાવવા માટે ભગવાન પોળના નાકા સુધી રાણીઓ સાથે ગયા. પણ એમણે સુદામાના હાથમાં એક કોડીયે ન મૂકી. રાણી સત્યભામાને થયું, આમ કેમ ? ભગવાન કેમ પોતાના આ ગરીબ ભક્તને કશુંય આપતા નથી ? એક રુક્મિણી દેવી બધું જાણતાં હતાં. એમણે સત્યભામાને કહ્યું, "તમને શી ખબર કે ભગવાને એ ભક્તને કેટકેટલું આપ્યું છે !"

અને એ વાતેય સાચી જ છે ને ? ભગવાનની દયા તો ભગવાનને જે સૌથી વધારે વહાલું હોય તે જ જાણી શકે ને ? પોળ આવી એટલે સૌ રાણીઓ પાછી વળી ગઈ. પણ ભગવાન

તો સુદામાને વળાવવા હજી આગળ ચાલ્યા. સુદામાને થયું કે, હવે પોતે બે જણ એકલા પડ્યા છીએ ત્યારે મિત્ર મને કાંઈક આપશે. પણ શ્રીકૃષ્ણ તો એ વિશે કશું બોલતા જ નથી !

છેવટે છૂટા પડ્યા ત્યારે ઋષિને નમસ્કાર કરી, ભેટીને ભગવાન એમ ને એમ જ પાછા વળ્યા. સુદામા તો ઘણા નિરાશ થઈ ગયા. પોતાની જાત ઉપર એમને ખૂબ ક્રોધ ચડ્યો : "હું જ કેવો મિત્ર પાસે માગવા આવ્યો ? એના કરતાં તો મારું મોત આવ્યું હોત તો સારું થાત !"

ચાલતા જાય ને સુદામા આમ વિચાર કરતા જાય. એમને ભગવાન ઉપર પણ બહુ માઠું લાગ્યું : "કેટલા પ્રેમથી શ્રીકૃષ્ણ મને પોતાના ઘરમાં લઈ ગયા ! દેવોને પણ અદેખાઈ આવે એટલું બધું માન એમણે મને આપ્યું. જાતજાતનાં પકવાન જમાડ્યાં. નાનપણની કેટકેટલી

વાતો કરી.... પણ છેવટે તો મને ખાલી હાથે જ પાછો કાઢ્યો !બાકી, ભગવાનને ત્યાં શાની ખોટ હતી ? એમની આખી દ્વારિકા નગરી સોનાની છે, એમના મહેલમાં હીરા, માણેક, મોતી અને કીમતી રત્નો જડેલાં છે. એમાથી થોડુંક પણ મને આપ્યું હોય તો એમને ત્યાં શું ઘટી જવનું હતું ? અને મારી તો આખા ભવની ભાવટ ભાંગી જાત - બધાંય દુ:ખ ટળી જાત ! પણ શામળિયાને મારી જરાય દયા  આવી ? ઊલટા, કોઈને ત્યાંથી ઉછીના આણેલા તાંદુલ પણ એ તો ખાઇ ગયા !" પણ પ્રભુની નિંદા કરવા માટે ભક્ત સુદામાને તરત જ પસ્તાવો થયો. એમણે હવે પોતાનો જ વાંક કાઢવા માંડ્યો :

"અરેરે ! મેં ઊઠીને હરિની નિંદા કરી ! મારા જેવો પાપી બીજો કોણ? ધિક્કાર હજો મને!.... મારો જ કોઇ વાંક હોવો જોઈએ. બાકી ભગવાન કાંઇ આવું કરે ? એમણે તો

ભક્તે ભાવપૂર્વક અર્પણ કર્યું હોય તેનાથી અનેક ગણું હંમેશાં ભક્તને આપેલું છે. મેં જ એવાં કર્મ કર્યાં હશે કે મને કાંઇ ન મળ્યું !"

સુદામાના મનને થોડી શાંતિ થઇ પછી તો એમણે ભગવાનનો ઉપકાર માનવા માંડ્યો : "હે કૃષ્ણ, તેં સારું જ કર્યું ! જો તેં મને ધન આપ્યું હોત તો એના અભિમાનમાં ને અભિમાનમાં હું તને ભૂલી ગયો હોત ! માણસને બહુ સુખ મળે છે ત્યારે એનામાં અનેક અવગુણો આવતા હોય છે. હરિની ભક્તિ પણ એને યાદ આવતી નથી ! સારું જ થયું ભગવાન, કે તેં મને સુખી ન બનાવ્યો. દુ:ખમાં જ પ્રભુ યાદ આવતા હોય છે. હે કૃષ્ણ, તારી દયા અપાર છે!"

આમ વિચારમાં ને વિચારમાં ચાલતાં ઘણો માર્ગ કપાઈ ગયો. સુદામા પોતાને ગામ આવી પહોંચ્યા. પોતાની ઝૂંપડી જ્યાં હતી ત્યાં આવીને એ ઊભા રહ્યા. પણ આ શું **?-** પેલી ભાંગીતૂટી ક્યાં ગઈ **?** એને બદલે અહીં આવડો મોટો મહેલ ક્યાંથી આવી ગયો **?** સુદામાએ આસપાસ નજર નાખી. ના ! જગ્યા તો આ જ છે. અહીં જ પોતાની કંગાલ ઝૂંપડી હતી. એમણે આમતેમ આંટા માર્યા. પણ ઝૂંપડીનો કે એમના કુટુંબનો ક્યાંય અણસારોય વરતાતો નહોતો. ઋષિ ગભરાઈને મહેલની સામે જોઈ રહ્યા. કેવડો મોટો આ મહેલ છે ! કેવી સુંદર વાડી ખીલી રહી છે. આંગણામાં મોટા હાથીઓ ડોલી રહ્યા છે. ઘોડારમાં જાતવંત ઘોડાઓ હણહણી રહ્યા છે. એક મંડપ નીચેથી મીઠું સંગીત સંભળાઈ રહ્યું છે.

સુદામાની આંખે પાણી ભરાઇ આવ્યાં. નિસાસો નાખીને એ મનમાં ને મનમાં બોલ્યા : ”જરૂર આ તો કોઇ રાજા - મહારાજાનો મહેલ મારી ઝૂંપડીની જગ્યાએ બંધાયો છે..... પણ મારા બાળકો ક્યાં ગયાં ? મારી સ્ત્રી ક્યાં ગઇ ? એ બિચારાનું શું થયું હશે ? ઝૂંપડી ગઇ તો કંઇ નહિ - પણ એ બધાં ક્યાં ગયાં ? અરેરે, આ તે કેવી આફત આવી પડી !

પણ એટલામાં તો દૂરથી એમની પત્નીએ સુદામાને આમ શોકમાં ડૂબેલા જોયા. એટલે તરત જ દાસીઓને લઇને એમનું પૂજન કરવા અને માન પૂર્વક એમને ઘરમાં લઇ જવા દોડતી દોડતી આવી. ઘણા પ્રેમથી એણે સુદામાનો હાથ પકડ્યો. પણ સુદામા તો પત્નીને ક્યાંથી ઓળખી શકે ? એના રૂપરંગ, ઉંમર, એ સૌ શ્રીકૃષ્ણના પ્રતાપથી બદલાઇ ગયાં  હતાં !

આ વળી કઇ બીજી આફત આવી પડી ? સુદામા તો ત્યાંથી નાસવા લગ્યા. પરંતુ પત્નીએ એમને પકડીને ઊભા રાખ્યા. પછી પ્રણામ કરીને એ બોલી : "જો જો, કંઇ મને શાપ ન આપી બેસતા ! ભગવાન શ્રીકૃષ્ણના પ્રતાપનું આ બધું પરિણામ છે."

પછી એ સુદામાને મહેલમાં લઇ ગઇ. જેવા સુદામા અંદર દાખલ થયા કે એમનું રૂપ પણ બદલાઇ ગયું ! એ ઘરડા હતા તે યુવાન થઇ ગયા. શ્રીકૃષ્ણના જેવા સુંદર થઇ ગયા.

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચડ્યા,
વિચાર કરતાં ગામ આવ્યું, ધામ દેખી ભૂલા પડ્યા.

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, આ ધામ કો ધનવંતનાં,
એ ભવનમાં વસતો હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.

આ ભવન ભારે કોણે કીધાં ? પર્ણકુટી મારી ક્યાં ગઇ ?
આશ્રમ ગયાનું દુ:ખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં ?

તૂટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી નાર,
સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.

સંકલ્પ વિકલ્પ કોટી કરતો આવાગમન હિંડોળે ચડ્યો,
બારીએ બેઠાં પંથ જોતાં નિજ કંથ સ્ત્રી-દૃષ્ટે પડ્યો.

સાહેલી એક સહસ્ત્ર સાથે સતી જતી પતિને તેડવા,
જલ-ઝારી ગ્રહી નારી જયે, જેમ હિસ્તની કળશ ઢોળવા.

આમ ભગવાને સુદામાને ઘણું ઘણું સુખ આપ્યું. એમનાં ઘરમાં દેવોના દેવ ઈંદ્રના જેવો વૈભવ થયો. પરંતુ તે છતાંય સુદામાએ તો હંમેશાં હરિની ભક્તિ કર્યા જ કરી. એ માનતા હતા કે પ્રભુની ભક્તિ એ જ સાચું ધન છે. એ જ સાચું સુખ છે.

# હૂંડી

"ભાઈ, દ્વારિકાની હૂંડી લખી આપે એવા કોઈ શરાફ, કોઈ નાણાવટી અહીં વસે છે **?"**

તીર્થાટન કરવા નીકળેલા ચાર અજાણ્યા વટેમાર્ગુઓ જૂનાગઢમાં લોકોને પૂછતા હતા. ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરવા એમને દ્વારિકા જવું હતું. યાત્રા કરવા નીકળ્યા હતા. એટ્લે પાસે થોડું ધન એમણે રાખેલું. પરંતુ માર્ગમાં ભય પણ ઓછો નહોતો. એટલે જૂનાગઢ જેવા મોટા નગરમાં જાણીતા શરાફને પોતાના રૂપિયા સોંપીને એની પાસેથી દ્વારિકાના કોઈ શ્રીમંત શેઠ ઉપર હૂંડી લખાવી લેવાની એમની ધારણા હતી.

યાત્રાળુઓના પ્રશ્નનો કોઈએ ઉત્તર ન આપ્યો. જરા આગળ ચાલીને એમણે ફરીથી પૂછ્યું, ”અહીં હૂંડી કોણ લખે છે ?”

ત્યાં આગળ થોડા નાગરો બેઠા હતા. તેમાંથી એક જણે મોઢું ગંભીર રાખીને જવાબ આપ્યો, “હૂંડી લખે એવો અહીં એક જણ છે ખરો, ભાઈ ! રૂપિયાના તો એને ત્યાં ઢગના ઢગ છે !”

“હા, હા !” બીજો બોલી ઊઠ્યો, “સાચી વાત છે, ઘણો મોટો વેપારી છે એ તો !”

“દેશપરદેશ એની આડત ચાલે છે !” ત્રીજાએ કહ્યું, પછી મરમમાં હસીને એ બોલ્યો, “અને એ તો પાછો વૈષ્ણવ-જન છે. “

"ઓહો એમ ?" આનંદથી યાત્રાળુઓ બોલ્યા, અને પછી અધીરાઈથી એમણે પૂછ્યું, "પણ ....એનું નામ તો કહો, વિપ્રો ?"

"નરસૈંયો !" એક જણે મલકાઈને જવબ આપ્યો.

"નરસિંહ મહેતા !" બીજાએ એની સામે આંખ મીંચકરીને ઠાવકે મોઢે કહ્યું.

"અમને એમનો આવાસ તો બતાવો, ભાઈઓ !" યાત્રાળુઓએ વિનંતી કરતાં કહ્યું.

"હા, હા, ચાલો અમારી સાથે." કહીને પછી એમણે દૂરથી નરસિંહ મહેતાનું ઘર બતાવ્યું. ટીખળી નાગરોએ કરેલી વાત ભોળા યાત્રાળુઓને સાચી લાગી. પણ પાસે જતાં, ભક્તનું ઘર જોઈને યાત્રાળુઓ આભા જ બની ગયા. કોઈ મોટો મહેલ જોવાની આશા એમણે

રાખેલી, એને બદલે આ તો સાવ બેઠા ઘાટનું ઘર હતું ! જાણે કોઈ ધર્મશાળા હોય તેમ ભાતભાતના લોકો ત્યાં પડ્યા પાથર્યા રહેતા હતા. કોઈ લૂલાં-લંગડા, તો કોઈ આંધળાં-બહેરાં. હરિના ભક્ત નરસિંહ મહેતાનું ઘાર ભૂલ્યાં ભટક્યાંને માટે આશરાનું સ્થાન હતું. એમની સાથે બેસીને એ ભગવાનનાં ગુણગાન ગાતા. ચંદનનું તિલક કરતા. તુલસીની માળા પહેરતા.. એ ઘરમાં ભગવાનના અવતારોની કથા થતી, કીર્તન થતાં. અંદર આવીને યાત્રાળુઓએ જોયું તો ભગવાનના એક નાનકડા દહેરા આગળ નરસિંહ ભક્ત ભજનમાં લીન થઈને બેઠા છે. વાડામાં ચારે બજુ તુલસીનાં જાણે વન ઊગ્યાં છે.

“આ તો ભાઈ, વિચિત્ર વાત જણાય છે.” એક યાત્રાળુએ બીજાને કાનમાં કહ્યું.

“મને પણ એમ જ લાગે છે- - આ માણસ કંઇ કરોડપતિ વેપારી હોય એમ દેખાતું નથી.” બીજાએ પહેલાની શંકાને ટેકો આપતાં કહ્યું.

“અને આ ચોપડા તો ભજન-કીર્તનના હોય એમ જણાય છે,” ત્રીજાએ ધ્યાન દોર્યું. ”નામું લખવ માટે લેખણ - કલમને બદલે મહેતાએ હાથમાં તાલ - મંજીરાં રાખ્યાં છે, ભાઇ, અહીં વેપારમાં તો હરિનું નામ જ લેવાતું હશે !”

યાત્રાળુઓ આમ તર્ક-વિતર્ક કરતા ઊભા છે, ત્યાં ભક્તની આંખો ઊઘડી. પોતાને આંગણે યાત્રાળુઓને આમ આવેલ જોઇને એ તો ખુશખુશ થઇ ગયા. “આવો, આવો, હરિભક્તો ! આ તમારું જ ધામ છે. પધારો ! તમ સરખા યાત્રાળુઓથી અમે પાવન થઇએ. કહો, મારા

સરખું કાંઈ કામ હોય તો કહો." નરસિંહ મહેતાએ બે હાથ જોડીને એમને આવકાર આપતાં કહ્યું.

"મહેતાજી, અમે ચારેય જાત્રાએ નીકળ્યા છીએ," ભક્તને પ્રણામ કરતાં યાત્રાળુઓ બોલ્યા. "અહીંથી અમારે હવે દ્વારિકા તીર્થની યાત્રાએ જવું છે."

"તમારું નામ સાંભળીને તમારી પાસે એક હૂંડી લખાવવા અમે આવ્યા છીએ," એકે કહ્યું.

"અમને એક ભલા નાગરે તમારી ભાળ આપી કહ્યું કે, મહેતાજી તમારું કામ કરી આપશે." બીજો બોલ્યો. નરસિંહ મહેતા એમની વાત સાંભળી રહ્યા.

"મહેતાજી !" મુખ્ય યાત્રાળુએ પોતાની ભેટમાંથી રૂપિયાની કોથળી કાઢીને વિનંતીપૂર્વક કહ્યું, "તમારે અમારી પર આટલી કૃપા કરવી પડશે." પછી એ કોથળી મહેતા આગળ મૂકતાં બોલ્યો," આમાં સાતસો રૂપિયા છે. અમારું ચારેયનું આટલું ધન છે. દ્વારિકા જઈને ત્યાં તેને કોઇ પુણ્યકાર્યમાં અમારે વાપરવું છે. માટે આ રૂપિયા લઈને તમે એની હૂંડી અમને લખી આપો. તમારી સહાયથી, તમારા પુણ્યે, અમારી ઈચ્છા પૂર્ણ થશે."

આ  સાંભળીને નરસિંહ મહેતાને ખાતરી થઈ કે નાગરોએ પોતાની હાંસી કરી છે. મનમાં ને મનમાં પ્રભુનું સ્મરણ કરીને એ બોલ્યા : "હરિભક્તો, તમને મળીને આજે હું કૃતાર્થ થયો છું. તમારા જેવા યાત્રાળુઓ મારે આંગણે ક્યાંથી ! જે નાગરે તમને મારું ઘર બતાવ્યું, તેણે મારા પર કેવો ઉપકાર કર્યો છે ! એને હું પ્રણામ કરું છું !"

યાત્રાળુઓને આસને બેસાડીને મહેતાજીએ ભાવપૂર્વક એમનું સ્વાગત કર્યું. એમની આગળ હરિનો પ્રસાદ ધર્યો, દરેકને કંઠે તુલસીમાળા પહેરાવી. યાત્રાળુઓ ઊંચા - નીચા થઇ રહ્યા હતા, તે જોઈને મહેતાજી બોલ્યા, “હું તમને હૂંડી લખી આપીશ. તમારે મારું કામ પડ્યું છે, તે પરમેશ્વર એને પૂરું કરશે. દ્વારિકના ચૌટામાં જઈને શામળશાહ શેઠનું નામ પૂછજો. મારી હૂંડી ત્યાંથી પાછી નહિ ફરે !”

મહેતાજીની વાણી સાંભળીને યાત્રાળુઓની બધી શંકા જતી રહી. સો સો રૂપિયાની ઢગલી કરતાં આનંદે તેમણે કહ્યું, “આ રહ્યા સાતસો રૂપિયા, મહેતાજી ! હૂંડીનો પત્ર લખી લો — અને હૂંડીયામણના જેટલા થાય તેટલા રૂપિયા એમાંથી કાપી લો.”

"અરે સંતો !" મહેતાજીએ કરુણાભર્યા સ્વરે કહેવા માંડ્યું. "એમાં હૂંડિયામણ શેનું લેવાનું હોય !" પછી સહેજ હસીને એ બોલ્યા, "હૂંડિયામણ તો, ભાઈ, તમે હરિનું નામ લેજો એટલે મારે એ આવી ગયું !"

પછી એમણે આસપાસથી વૈષ્ણવોને બોલાવ્યા ને સૌને એ સાતસો રૂપિયા વહેંચી આપ્યા. એમને પોતાના શામળિયા ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી કે જરૂર એ પોતાની લાજ રાખશે. અને ભગવને તો પોતાના કેટકેટલા ભક્તોની ભીડ ભાંગી છે ! મહેતાજીને એવા અનેક યાદ આવ્યા; પ્રભુએ પ્રહલાદને ઉગાર્યો, ધ્રુવને સહાય કરી, અંબરીષને કરી, ગજેન્દ્રને મગરના મુખમાંથી છોડાવ્યો, અહલ્યાને ઉદ્ધારી, દ્રૌપદીનાં ચીર પૂર્યા, સુદામાનું દારિદ્ર હર્યું.

નરસિંહ મહેતાને આ બધું યાદ આવ્યું. પ્રભુ મહિમાના સ્મરણથી એમની આંખો નીતરી રહી. ભક્તિ અને શ્રદ્ધાથી એમનું હૈયું ઊભરાઈ ગયું, ગદગદ કંઠે એમણે પ્રાર્થના કરવા માંડી: "હે શામળિયા, હું તો હરિનામનો વેપારી છું. મારી લાજ રાખીને મારો વેપાર વધારજો ! હે પ્રભુ, મારી હૂંડી સ્વીકારજો !"

મહેતાજીએ હાથમાં કાગળ અને લેખણ લીધાં. ફરી એકવાર એમણે પોતાના શામળિયાનું સ્મરણ કર્યું : 'હે શામળિયા, તારા સિવાય કોઈની પાસે મેં કશું માગ્યું નથી આજ લગી. અને.... અને જો મારી આ હૂંડી પાછી ફરશે તો.... તો એમાં તારી જ આબરૂ જશે. મારું તો એમાં શું જવાનું છે ?' અને ભક્ત નરસિંહ પોતાના પ્રભુને હૂંડી લખવા બેઠા :

“સ્વસ્તિ શ્રી દ્વારિકા બેટ મધ્યે, સર્વ ઉપમા યોગ્ય શ્રી શામળાશાહ શેઠ જોગ, લખિતંગ આપન સેવક નામે નરસિંહના પ્રણામ.

આ પત્રમાં લખેલું કામ આપ જરૂર કરજો. તીર્થાટને નીકળેલા આ યાત્રાળુઓને રૂપિયા સાતસો ગણી આપજો. એમણે મને હૂંડી દાખલ કરીને એટલું ધન અહીં આપ્યું છે. માટે એમને એટલા રૂપિયા ત્યાં બરાબર ગણી કરીને આપજો. અને જોજો – એ રૂપિયા સાચા હોય, કોરા ને કડકડતા, નવાનક્કોર, આ સાલે જ પાડ્યા હોય એવા તાજા, ઊજળા, ખરેખર તપાવેલા, પૂરા વજનવાળા અને માપના દ્વારિકાના બજરની વચ્ચોવચ ગણી આપજો."

'હે શામળિયાજી, તમે તો ચતુર છો. એંધાણી ઓળખી કાઢજો. અને મારી લખેલી હૂંડી પાછી ન ફરે તે જોજો - નહિ તો પછી તમારે મારી સાથે કામ પડ્યું છે તે ધ્યાન રાખજો ! જો મારી આ હૂંડી પાછી ફરશે તો લોકો તમારી નિંદા કરશે. હરિભક્તિની આપણી પેઢીને તાળું લાગી જશે. એમાં તમારી લાજ જશે ! બાકી હું તો તમારો વાણોતર કહેવાઉં - એમાં મારે કાંઇ શરમાવાનું નહિ થાય."

આ પ્રમાણે હૂંડી લખીને મહેતાજીએ કાગળ બીડ્યો અને તેની ઉપર શેઠ શામળશાહના નામનું સરનમું કર્યું. પછી પૂરી શ્રદ્ધા સાથે એમણે હૂંડીને ભગવાનની મૂર્તિના ચરણમાં મૂકી.

પછી એમણે હૂંડી યાત્રાળૂને આપી. નરસિંહ મહેતાને પ્રણામ કરીને યાત્રાળુઓ જવા લાગ્યા. પણ મહેતાજીએ એમને પળ વાર ઊભા રાખીને કહ્યું: "અને, જોજો ભાઈઓ, શામળશાહ પાસેથી રૂપિયા લીધા વગર ઊઠશો જ નહીં હોં ! લડી - વઢીને પણ એમની

પાસેથી રૂપિયા વસૂલ કરી લેજો. શેઠને આમ તો આખું ગામ ઓળખે છે - અને એમની આગળ મારું નામ લેજો. એટલે તમારું કામ થઇ જશે." પછી સહેજ અટકી, જરાક ગળું ખંખારીને, ધીમે સાદે મહેતાજી બોલ્યા, "અને હા, જો તમને દ્વારિકામાં શેઠ ન મળે તો.... તો પાછા અહીં આવજો. તમારા રૂપિયા હું વ્યાજ સાથે ગણી આપીશ."

ભક્તને ફરીથી પ્રણામ કરીને યાત્રાળુઓએ દ્વારિકાની વાટ પકડી. થોડા દિવસે ચારે જણા એ તીર્થમાં આવી પહોંચ્યા. ત્યાં રણછોડરાયજીના મંદિરમાં ભક્તિભાવપૂર્વક ભગવાનનાં દર્શન કર્યાં, ગોમતી નદીમાં સ્નાન કરી ભગવાનની પૂજા કરી. એમના બધા કોડ પૂરા થયા.

પછી ગામના ચૌટામાં જઈને એમણે શામળશાહ શેઠની ભાળ પૂછવા માંડી. પણ એ નામનો કોઇ વેપારી હોય તો મળે ને ? હાંફળા-ફાંફળા થઈને એમણે ગામમાં બધે

શામળશાહ શેઠની તપાસ કરી. ફરી ફરીને એમણે આખું ગામ ખોળી નાખ્યું, પણ શામળશાહ શેઠનો ન પત્તો કે ન પુરાવો ! યાત્રાળુઓના દુ:ખનો પાર ન રહ્યો : ”હે દેવ !અમારા તો બધાય રૂપિયા ગયા !”

એટલામાં સામે એક વણિક મળ્યો. પૂછ્તાં એણે કહ્યું, “ભાઇ ! એ નામનો તો કોઇ માણસ અહીં છે નહિ.” “પણ.... પણ.... નરસિંહ મહેતા આમ લાગતા હતા તો ઘણા ભલા માણસ ! સાચા વૈષ્ણવજન દેખાતા હતા.” એક યાત્રાળુ બોલ્યો.

“અરે, એ તો કોઇ પાકો ઠગ હશે, ઠગ ! એણે તમને ખોટેખોટી હૂંડી આપી લાગે છે.

મારું માનો તો પાછા જૂનગઢ જાવ અને ઠગને ફરીથી મળો...."વણિકે એમની દયા ખાઈને સલાહ આપી. હતાશ થઈને યાત્રાળુઓએ જૂનાગઢની વાટ પકડી.

ત્યાં પ્રભુને થયું : આ તો મારા ભક્તની લાજ જવા બેઠી ! અને તરત જ એમણે શામળશાહ શેઠનું રૂપ ધારણ કર્યું. ભગવાન ભક્તની વહારે ધાયા. ગોમતીજીના ઘાટમં જ. જૂનાગઢની વાટ આગળ, શામળશાહ શેઠના સ્વરૂપે ભગવાન આ યાત્રાળુઓને સામા મળ્યા. યાત્રાળુઓ તો એમને જોઈ જ રહ્યા : નીચું કદ, ભીનો વાન, મોટું પેટ, દીવાની શગ જેવું અણીદાર નાક ! કાને કુંડળ ઝળકે છે, કંઠે સોનાની સાંકળી ઓઢી છે. પીતાંબર પહેર્યું છે, માથે વળદાર પાઘડી વીંટી છે. અને ચૌદ લોકનો નાથ પોતાના વાણોતરો સાથે વાતો કરતા ધીમે ધીમે ચાલે છે. એમની વાણી વણિક શેઠના જેવી તોતડી બોબડી છે. હસે છે ત્યારે એમના ગાલમાં ખાડા પડે છે.

જેને વેદ પુરાણે વખાણિયો રે.
મારો વહાલોજી થયો છે વાણિયો રે,

વેશ પૂરો આણ્યો મારે વહાલે રે,
નાથ ચૌટાની ચાલે ચાલે રે.

છે અવળા આંટાની પાઘડી રે,
વહાલાજીને કેમ બાંધતાં આવડી રે,

ત્રિકમજી વણિકની તોલે રે,
નાથ ઉતાવળું ને બોબડું બોલે રે.

સેલું કેડે બાંધ્યું બેવડું રે,
ગુણ ક્યાંથી શીખ્યા પ્રભુ એવડું રે,

કરે હીંડતાં હાથના લટકા રે
સાદી દોરીના કેડે પટકા રે.

એક ઓઢી પછેડી ખાંધે રે,
નાથ દુંદાળો ને મોટી ફાંદે રે,

એમ આવ્યા શામળા અવિનાશી રે,
તે જોઇ રહ્યા તીર્થવાસી રે.

આસપાસ સાત સાત વાણોતરો - મહેતાજીઓ એમની સાથે ચાલે છે. ભગવાનના સાત મહન ભક્તોએ વાણોતરનો વેશ ધારણ કરેલો છે. સૌથી આગળ હનુમાનજી હાથમાં જ્યેષ્ઠિકા લાકડી લઈને ચાલે છે. અર્જુને શેઠ માટે હાથમાં પાનનાં બીડાં લીધાં છે. વિદુરજીના હાથમાં વહી, હિસાબનો ચોપડો છે. સુદામાએ ચમર ધારણ કર્યું છે. ઉદ્ધવે રૂપિયા અને સુવર્ણમ્હોરોથી ભરેલી કોથળી ખાંધ મૂકી છે. એ અને ગરૂડ ભગવાનની સહેજ પાછળ ધીમે ધીમે ડગલે ચાલી રહ્યા છે. અને શામળશાહ શેઠ પોતે સૌને શીશ નમાવતા, મીઠું મીઠું મરકતા, ડગ માંડી રહ્યા છે.

એમને જોઈને જ યાત્રાળુઓના મનમાં આશા આવી. સંકોચાતા સંકોચાતા સૌ એમની પાસે ગય, અને પ્રણામ કરીને બોલ્યા, “અમે.... અમે જૂનાગઢથી નરસિંહ મહેતાની હૂંડી લઈને આવ્યા છીએ. અમને શામળશાહ શેઠ...”

પરંતુ ‘શામળશાહ શેઠ’ રૂપી ભગવાન તો નરસિંહ મહેતાનું નામ સાંભળતાં જ યાત્રાળુઓને હેતથી ભેટી પડ્યા. કમળ જેવી એમની આંખોમાં આંસુ ઊભરાઇ આવ્યાં. પછી હાથમાં હૂંડી લઈને એમણે એ વાંચી.

“અહો !” ભગવાને પ્રેમપૂર્વક ડોકું ધુણાવીને કહ્યું, “આટલી વાત માટે આવડો મોટો કાગળ શીદને લખ્યો ? એમનો તો સંદેશો જ બસ હતો. અરે ભાઈઓ, અમે નરસિંહ મહેતાના દાસ જ છીએ.” પછી અત્યંત ભાવપૂર્વક શામળશાહ શેઠ બોલ્યા, ”અમે તો એમના આશરે જીવીએ છીએ, સંતો ! એ જ્યાં વેચે ત્યાં અમે વેચાઈએ ! શામળશાહ મારું જ નામ છે, ભાઈ.”

જ્યારે સાંભળ્યું નરસિંનું નામ રે,
ત્યારે ધાઈ ભેટ્યા શ્રીશ્યામ રે,

જ્યારે અક્ષર ઓળખ્યા નાથે રે,
હૂંડી ચાંપી તે હૈડા સાથ રે.

નરસૈંયાનો વાણોતર જાણો રે,
આ નગરમાં રહું છું છાનો રે,

કરું વૈષ્ણવજનની સેવા રે,
મુને ઓળખે નરસૈંયાના જેવા રે."

એમ કહીને શામળશાહ શેઠે પોતાની કોથળી છોડીને યાત્રાળુઓને સાતસો રૂપિયા ગણી આપ્યા. ઉપરથી બીજા સો રૂપિયા ખર્ચખૂટણના વધારાના અપ્યા. આ કૌતુક જોવાને ત્યાં લોકો થોકેથોક ઊભરાયા. પછી શેઠે પોતાના વાણોતરો પાસે કાગળ અને લેખણ માગ્યાં અને એમણે મહેતાજી ઉપર કાગળ લખવા માંડ્યો :

"સ્વસ્તિ શ્રી જૂનાગઢ મધ્યે મહેતા શ્રી નરસિંહજી જોગ.... દ્વારિકાથી લખિતંગ આપના વાણોતર શામળશાહ.

કહેવાનું એ કે આપણે બને તો એક જ છીએ, આપણી વચ્ચે કશું અંતર નથી. તમારા બોલે તો હું ગમે તેવું મોટું કામ પણ કરું. તમારે વિશ્વાસે જ મારી પેઢી ને મારો વેપાર ચાલે છે. કોઈ તમને ઠગવા આવે તોયે તેને પાછો ના વાળશો, એમને આપનારો તો હું બેઠો છું ને ! અને પત્ર લખજો, હું એની વાટ જોઉં છું."

પત્ર લખતાં લખતાં એમની આંખ વળી પાછી ભીની થઈ ગઈ. પછી ભક્તવત્સલ દયાનિધાન ભગવાને યાત્રાળુઓના હાથમાં નરસિંહને પહોંચાડવા પત્ર મૂક્યો.

અને જોતજોતામાં ભગવાન ત્યાંથી અંતરધાન થઈ ગયા. યાત્રાળુઓ તો આશ્ચર્યથી જોઈ જ રહ્યા. થોડી વારે તેમાંથી એક જણ દુ:ખી અવાજે એટલું જ બોલ્યો કે, "અરેરે ! આપણે તો રૂપિયા જોવામાં જ રહી ગયા. - હરિને તો ઓળખ્યા જ નહિં !"

સુદામાચરીત - પ્રેમાનન્દ (બૃહત્ ગુજરાતી કાવ્યસમૃધ્ધિ પાના : **13** થી **28)** પાઠ: પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ-**1**, સંપાદક: કે.કા.શાસ્ત્રી, શિવલાલ જેસલપરાના સાભાર ઉલ્લેખ સાથે.

કડવું **1** રાગ કેદારો

શ્રી ગુરુદેવ શ્રી ગણપતિ, સમરું અંબા સરસ્વતી,
પ્રબળ મતિ વિમળ વાણી પામીએ રે.

રમા-રમણ હ્રદય માં રાખું, ભગવંત-લીલા ભાખું,
ભકતિ રસ ચાખું, જે ચાખ્યો શુક સ્વામીએ રે.

ઢાળ

શુકસ્વામી કહે ; સાંભળ, રાજા પરીક્ષિત ! પુણ્ય પવિત્ર,
દશમસ્કંધાધ્યાય એંશીમેં કહું સુદામાચરિત્ર.

સાંદીપનિ ઋષિ સુરગુરુ સરખા અધ્યાપક અનંત,
તેહને મઠ ભણવાને આવ્યા હળધર ને ભગવંત.

તેની નિશાળે ઋષિ સુદામો વડો વિદ્યાર્થી કહાવે;
પાટી લખી દેખાડવા રામ-કૃષ્ણ સુદામા પાસે આવે.

સુદામો, શામળ, સંકર્ષણ અન્નભિક્ષા કરી લાવે;
એકઠા બેસી અશન કરે તે ભૂધરને મન ભાવે .

સાથે સ્વર બાંધીને ભણતા, થાય વેદની ધુન્ય,
એક સાથરે શયન જ કરતા હરિ, હળધર ને મુન્ય.

ચોસઠ દહાડે ચૌદ વિદ્યા શીખ્યા બન્યો ભાઈ;
ગુરુસુત ગુરુ-દક્ષિણા માત્ર આપી વિઠ્ઠલ થયા વિદાય.
કૃષ્ણ - સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર:
'મહાનુભાવ ! ફરીને મળજો, માગું છું એક વાર.'

ગદગદ કંઠે કહે સુદામો : 'હું માગું, દેવ મુરારિ !
સદા તમારાં ચરણ વિશે રહેજો મનસા મારી.'

મથુરામાંથી શ્રીકૃષ્ણ પધાર્યા, પુરી દ્‌વારિકા વાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડ્યો, મન તેહનું સંન્યાસી.

પતિવ્રતા પત્ની વ્રતપાવન, પરમેશ્વર કરી પ્રીછે;
સ્વામીસેવાનું સુખ વાંછે, માયાસુખ નવ ઈચ્છે.

દશ બાળક થયાં સુદામાને દુ:ખ - દારિદ્ર ભરિયાં;

શીતળાએ અમી-છંટા નાખી, થોડે અન્ને ઊછરિયાં.

અજાચક-વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;
આવી મળે તો અશન કરે, નહિ તો ભૂખ્યા પોઢે.

વલણ

પોઢે ઋષિ સંતોષ આણી, સુખ ન ઇચ્છે ઘરસૂત્રનું;
ઋષિ પત્નિ ભિક્ષા કરી લાવે, પૂરું પાડે પતિ ને પુત્રનું.

કડવું **2**

રાગ વેરાડી

શુકજી કહે : સાંભળ, નરપતિ ! સુદામાની છે નિરમલ મતિ,
નામ ગૃહસ્થ પણ કેવળ જતિ, માયાસુખ નવ ઈચ્છે રતી.

મુનિનો મરમ કોઈ નવ લહે, સહુ મેલો-ઘેલો દરિદ્રી કહે;
જાચ્યા વિના કોઈ કેમ આપે? ઘને દુ:ખે કાયા કાંપે.

ભિક્ષાનું કામ કામિની કરે, કોના વસ્ત્ર પખાલે ને પાની ભરે;
જ્યમ ત્યમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રીજંન.
ઘણા દિવસ દુ:ખ ઘરનું સહ્યું, પછે પુર માંહે અન્ન જડતું રહ્યું;

બાળકને થયા બે અપવાસ, તવ સ્ત્રી આવી સુદામા પાસ:

‘હું વીનવું જોડી બે હાથ,’ અબળા કહે, ‘સાંભળિયે, નાથ !’
હુ કહેતાં લાગીશ અળખામણી, સ્વામી ! જુઓ આપના ઘર ભણી.

ધાતુપાત્ર નહિ કર સાહવા, સાજું વસ્ત્ર નથી સમ ખાવા;
જેમ જલ વિના વાડી-ઝાડુવાં, તેમ અન્ન વિના બાલક બાડુવાં.

આ નીચાં ઘર, ભીંતડીઓ પડી, શ્વાન - માંજાર આવે છે ચડી;
અતીત ફરીને નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય.

કરો છો મંત્ર ગાયત્રી-સેવ, (પણ) નૈવેદ્ય વિના પૂજાયે દેવ;
પુન્ય પર્વનીએ કો નવ જમે, જેવો ઊગે તેવો આથમે.

શ્રાધ્ધ - સમછરી સહુ  કો કરે, આપના પૂર્વજ નિર્મુખ ફરે;
આ બાળક પરણાવવાં પડશે, સતકુલની કન્યા ક્યાંથી જડશે**?**
અન્ન વિના પુત્ર મારે વાગલાં, તો ક્યાંથી ટોપી ને આંગલાં**?**
વાયે ટાઢ, બાલકડાં રુએ, ભસ્મ માંહે પેસીને સૂએ.

હું ધીરજ કોણ પ્રકારે ધરું**?** તમારું દુ:ખા દેખીને મરું;
અબોટિયું - પોતિયું નવ મળે, સ્નાન કરો છો શીતળ જળે.

વધ્યા નખ ને વધી જટા, માથે ઊડે રાખોડીની ઘટા;
દર્ભ તણી તૂટી સાદડી, તે ઉપર, નાથ ! રહો છો પડી.

બીજે - ત્રીજે કાંઇ પામો આહાર, તે મુજને દહે છે અંગાર;
હું તો દારિદ્ર - સમુદ્રમાં બૂડી,એ વાતનમાં એકેકી ચૂડી.

લલાટે દેવા કંકુ નહીં, શરીર અન્ન વિના સૂકું સહી;
હું પૂછું લાગીને પગે, એવું દુ:ખ સહીએ ક્યાંહાં લગે?
તમે કહો છો દહાડી, ભરથાર ! માધવ સાથે છે મિત્રાચાર;
જે કો રહે કલ્પવૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે?

જે જીવ જલમાં ક્રીડા કરે, તે પ્રાણી કેમ તરસે મરે?
જે પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત કેમ આવે પાસ?

અમૃતપાન કીધું જે નરે, તે જમ કિંકરનો ભય કેમ ધરે?
જેને સરસ્વતી જીભે વસી, તેને અધ્યયનની ચિંતા કશી?

સદગુરુનાં જેણે સેવ્યાં ચરણા, તેને શાનું માયાવરણ?
જેને જાહ્ નવી સેવી સદા, તેને જન્મમરણની શી આપદા?

જેનું મન હરિચરણે વસ્યું, તે પ્રાણીને પાતક કશું?

જેને સ્નેહ શામળિયા સાથ, તેહના ઘરમાં ન હોય અણાથ.

છેલ્લી વિનતિ દાસી તણી: પ્રભુ ! પધારો ભૂધર ભણી;
તે ચૌદ લોકનો છે મહારાજ; બ્રાહ્મણને ભીખતાં શી લાજ?

વલણ

લાજ ન કીજે, નાથજી ! માધવ મનવાંછિત આપશે;
કૃપા, ઋષિ ! કૃષ્ણ ત્રૂઠા, દારિદ્રનાં દુખ કાપશે.

કડવું :3 રાગ  મારુ

‘જઈ જાચો જાદવરાય, ભાવઠ ભાંગશે રે;
હું તો કહું છું લાગી પાય, ભાવઠ ભાંગશે રે;

ધન નહિ જડે તો ગોમતી-મજ્જન-
હરિદર્શન-ફળ નવ જાય.’ ભાવઠ.....
સુદામો કહે - ’વિપ્રને નથી માગતાં પ્રતિવાય,

પણ મિત્ર આગળ મામ મૂકી જાચતાં જીવ જાય.
મામ ન મૂકીએ રે’ મામ....

ઉદર કારણે નીચ કને જઈ કીજે વિનય પ્રણામ;

તો આ સ્થાનક છે મળવા તણું, મામે વણસે કામ. ભાવઠ...

જાદવ સઘળા દેખતાં હું કેમ ધરું જમણો હાથ?
હું દરિદ્ર મિત્રનું રૂપ દેખી લાજે લક્ષ્મીનાથ. મામ.....

પ્રભુજીને જે કો ધ્યાય, કરે તેહનાં કાજ;
બ્રાહ્મણનું કુલકર્મ છે તો ભીખતાં શી લાજ? ભાવઠ....

દસ માસ ગર્ભનિવાસ પ્રાણી, કરે શો ઉદ્યમ?
એવું જાણી સંતોષ આણો, હરિ વિસારશે ક્યંમ? મામ....
ઉદ્યમ-અર્થ નવ જોઈએ તો કેમ જીવે પરિવાર?

એકવાર જાઓ જાચવા, નહીં કહું બીજી વાર.'  ભાવઠ...

જોડવા પાણી, દીન વાણી, થાય વદન પીળું વર્ણ;
એ ચિહ્ન જાચક જન તણાં, માગ્યા-પેં રૂડું મર્ણ.' મામ.....
રાજા થકી વિભીષણે જઈ જાચ્યા શ્રી જગદીશ;
અખંડ પૃથ્વી પામિયા ને છત્ર ધરિયું શીશ. ભાવઠ....

જગતના મનની વારતા જાણે અંતરજામી રામ;
અહીં બેઠાં નવનિધ આપશે, તહાં ગયાનું શું કામ? મામ....
તમો જ્ઞાની, અતિ વેરાગી છો પંડિત ગુણભંડાર;
હું જુગતે જીવું કેમ કરી? નીચ નારીનો અવતાર. ભાવઠ....

વલણ

'અવતાર સ્ત્રીનો અધમ કહીએ', ઋષિપત્ની આંસુ ભરે;
દુખ પામી જાણી પ્રેમદા, પછે સુદામોજી ઓચરે.

કડવું 4 રાગ:સામગ્રી

પછે સુદામોજી બોલિયા: સુણ સુંદરી રે !
હું કહું તે સાચું માન; ઘેલી કોને કરી રે ?

જે નિર્મ્યું તે પામીએ, સુન સુંદરી રે !

વિધિએ લખી વૃધ્ધિ - હાણ; ઘેલી કોણે કરી રે ?
સુકૃત - દુકૃત બે મિત્ર છે, સુણ સુંદરી રે !
જાય પ્રાણ આત્માને સાથ; ઘેલી કોણે કરી રે ?

દીધા વિના કેમ પામીએ? સુન સુંદરી રે !
નથી આપ્યું જેમને હાથ; ઘેલી કોણે કરી રે?

જો ખડધાન ખેડી વાવિયું, સુણ સુંદરી રે !
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે ?

જળ વહી ગયાં, શી શોચના, સુણ સુંદરી રે !
જો પ્રથમ ન બાંધી પાળ? ઘેલી કોને કરી રે?

એકાદશી-વ્રત કીધાં નથી, સુણ સુંદરી રે !
ન કીધાં તીરથ-અપવાસ; ઘેલી કોણે કરી રે?

પિતૃ તૃપ્ત કીધાં નહીં, સુણ સુંદરી રે !
નહીં ગવાનેક પામી ગ્રાસ; ઘેલી કોણે કરી રે ?

બ્રહ્મભોજન કીધાં નહીં, સુણ સુંદરી રે 1

નહીં કીધાં હોમ-હવંન, ઘેલી કોણે કરી રે ?
અતીત નિર્મુખ વાળિયા, સુણ સુંદરી રે !
તો ક્યાંથી પામીએ અન્ન? ઘેલી કોણે કરી રે ?

પ્રીતે હરિપ્રસાદ લીધો નહીં,સુણ સુંદરી રે !
હુતલ્સેષ ન કીધો આહાર; ઘેલી કોણે કરી રે ?

આ દુર્ભર પેટ પાપે ભર્યાં, સુણ  સુંદરી રે !
છૂટ્યાં પશુનો અવતાર; ઘેલી કોણે કરી રે ?

સંતોષ-અમૃત ન ચાખિયાં, સુણ સુંદરી રે !
હરિચરણે  ન સોંપ્યાં મંન; ઘેલી કોણે કરી રે ?

ભક્તિ કરતાં નવનિધ આપશે, સુણ સુંદરી રે !
એવું સાંભલી બોલી સ્ત્રીજંન; ઘેલી કોને કરી રે?

જળે આંખ ભરી અબળા કહે: ઋષિરાયજી રે !
મારું દૃઢ થયું છે મંન; લાગું પાય જી રે.

એ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રુએ બાળક, લાવો અન્ન; લાગું પાય જી રે .

કોને અન્ન વિના ચાલે નહીં ઋષિરાયજી  રે !
મોટા જોગેશ્વર હરિભક્ત; લાગું પાય જી રે.

અન્ન વિના ભજન સૂઝે નહીં  ઋષિરાયજી રે !
જીવે અન્ને આખું જગ્ત; લાગું પાય જી રે.

શિવે અન્નપૂર્ણા  ઘેર રાખિયાં, ઋષિરાયજી રે !
રવિએ રાખ્યું અક્ષયપાત્ર; લાગું પાય જી રે.

સપ્ત ઋષિ સેવે કામધેનુને, ઋષિરાયજી રે !
તો આપને તો  તે કોન માત્ર ? લાગું પાય જી રે !

દેવ સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે !
મનવાંછિત પામે આહાર; લાગું પાય જી રે.

અન્ન વિના ધરમ સૂઝે નહીં, ઋષિરાયજી રે !
ઊભો અન્ને આખો સંસાર; લાગું પાય જી રે.

ઉદ્યમ નિષ્ફળ જાશે નહીં, ઋષિરાયજી રે!
જઈ જાચો હરિ-બળદેવ, લાગું પાય જી રે.

અક્ષર લખ્યા દારિદ્રના, ઋષિરાયજી રે !

ધોશે ધરણીધર તતખેવ; લાગું પાય જી રે.

વલણ

તતખેવ ત્રિકમ છેદશે દારિદ્ર કેરાં ઝાડ રે;

પ્રાણનાથ ! પધારો દ્વારકા, હું માનું તમારો પાડ રે.

કડવું **5**

રાગ: સામગ્રી

કહે શુકજોગી; સાંભળો, રાયજી ! ફરી ફરી પ્રેમદા લાગે પાય જી;

વિપ્ર સુદામો આપ વિચારે જી; 'નિશ્ચે જાવું પડશે મારે જી.'

ઢાળ

જાવું  પડે મુજને સર્વથા, ઘણું રુએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે તો વામાનો શો વાંક?

પત્ની પ્રત્યે કહે સુદામો; 'તમો જિત્યાં, હાર્યો હુંય;
કહો, ભામિની ! ભગવંતને જઇ ભેટ મેલું શુંય?

કાકા કહીને નિકટ આવે કૃષ્ણ - સુત - સમુદાય;

તે ખાવું માગે, મુને વજ લાગે, હું મૂકું શું કરમાંય?'

સુણી હરખ પામી પ્રેમદા, ગઈ પડોશણની પાસ:
'બાઈ ! આજ કામ કરો મારું, હું વણમૂલે લીધી દાસ.

દ્વારામતી મમ પતિ પધારે જાચવા જદુરાય;
અમો દુગણું કરીને વાળશું, કાંઈ ઉછીનું આપો, માય !'

તે પડોશણને દયા થઈ, જે દુર્બલ આવી માગવા;
સૂપડું ભરીને આપિયા ઋષિપત્નીને ત્યાં કાંગવા.
ઓખણા માંહે ઘાણું ઓખની, માંહેથી કાઢ્યાં બીજ;

તગતગતા તાંદુલ દેખીને ઋષિ પામ્યા મન રીઝ.

ઉપરાઉપરી બંધન કીધાં, ચીંથરાં દસ-વીસ;
રત્નની પેરે જતન કીધું, જેમ છોડતાં ચઢે રીસ.

ઋષિ સુદામાને કહ્યું બાલકે, ફરી ફરી જુએ મુખ:
'પિતાજી 1 એવું લાવજો જેમ જાય અમારી ભૂખ.'

એવાં દીન વાયક સાંભલી મુનિએ મૂક્યો નિ;શ્વાસ;
સુદામો કહે પુત્રને "પરિબ્રહ્મ પૂરશે આશ.'
ઋષિ સુદામો સાંચર્યા, વોળાવી વળ્યો પરિવાર;

ત્યાગી વૈરાગી વિપ્રને છે ભક્તનો શણગાર.

ભાલ તિલક ને માલા કંઠે, ‘રામ’ ભણતો જાય;
મૂછ-કૂછની જાળ વાધી, કદરૂપ દીસે કાય.

પવન - ઝપટથી ભસ્મ ઊડે, જાણે ધૂમ્ર કોટાકોટ;
થાયે ફટક ફટક ખાસડાં, ઊડે ધૂળ ગોટેગોટ.

ઉપાન - રેણુએ આભ છાયો, શું સૈન્ય મોટું જાય !
જે પથિક મારગમાં મળે તે વિસ્મે થાય.
કૌપીન જીરણ વસ્ત્રનું, વનફૂળ છે પરિધાન;

ભાગ્ય-ભાનુ ઉદે થયો, કરશે કૃષ્ણજી આપ-સમાન.

વલણ

આપ-સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે: સુણ, નરપતિ !

થોડે સમેમાં ઋષિ સુદામો આવ્યા પુરી દ્વારામતી.

કડવું 6 રાગ સારંગ

શુકજી કહે; સાંભળ, ભૂપતિ !સુદામે દીઠી દ્વારામતી;

કનકકોટ  ઝલકારા કરે, માનેક-રત્ન જડ્યાં કાંગરે.

દુર્ગે ધજા ઘણી ફડફડે, દુંદુભિનાદ દ્વારે ગડગડે;
સુદર્શન કર પ્રભુને સોહે, ગંભીર નાદ સાગરના હોયે.

કલ્લોલ ગોમતી-સંગમ થાય, ચતુર્વર્ણ ત્યાં આવી ન્હાય;
પરમ ગતિ પ્રાણી પામે ઘણા, નથી મુક્તિપુરીમાં મણા.

ત્યાં ઋષિ સુદામે કીધું સ્નાન, પછે પુરમાં પેઠા ભગવાન;
નગર-લોક બહુ જોવા મલે, ખીજવે બાળક, પૂઠે પળે.

જાદવ સ્ત્રી તાળી દઈ હસે; 'ધન્ય ગામ જ્યાં  આ નર વસે;

કીધાં હશે વ્રત-તપ અપાર, તે સ્ત્રી પામી એ ભરથાર.’

કો કહે ‘ઈંદુ’, કો કહે ‘કામ’, 'એને રૂપે હાર્યા કેશવ-રામ;
પતિવ્રતાનાં મોહશે મંન’, એમ સ્ત્રીઓ બોલે વચંન.

કો કહે ‘હાઉ આવ્યો વિકરાળ, દેખાડો રોતાં રહેશે બાળ.’
અનેક ચેષ્ટા પૂઠે થાય,સાંભળી સુદામો હસતા જાય.
પૂઠે બાળક કાંકરા નાખે, ઋષિજી ‘રામકૃષ્ણ’ વાણી ભાખે;
પાડે તાલી, વજાડે ગાલ, બહુ મલિયા ઉછંકલ બાલ.

કો વૃધ્ધ્ જાદવે દીઠા રુખિ, સાધુની ચેષ્ટા તેણે ઓળખી:
'કહો, કૃપાનાથ ! ક્યાંથી આવિયા? આ પુરમાં કેમ કીધી મયા?'

પ્રતિવચન બોલ્યા ઋષિજંન; 'મુને હરિદર્શનનું મંન.'
તે જાદવે કીધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર.

હરિમંદિર આવ્યા ઋષિરાય, રહ્યા ઊભા, નવ ચાલે પાય;
છે દ્વારપાલ દિક્ પાલ સમાન, ધામ જ્યોત શું દ્વાદશ ભાણ !

શોભે હાટ, ચહુટાં ને ચોક, રાજે છજાં, ઝરૂખા, ગોખ;

જાળી, અટાળી, મેડી, માળ, જડિત્ર કઠેરા ઝાકઝમાળ.

ઝલકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાખ્યું ઓવારી;
સભા માંહે સ્ફટિકના સ્તંભ, ત્યાં થઈ રહ્યો છે નાટારંભ.

મૃદંગ ઉપંગ મધુર તાળ, ગુનીજન ગાયે ગીત રસાળ;
ઝમક ઝમક ઘૂઘરડી  થાય, તે સુદામોજી જોતા જાય.
સુવર્ણ-કલશપતાકાં બિરાજે, ઝંઘડ ઝંઘડ દુંદુભિ વાજે;
વાજે શરણાઈ ભેરી નફેરી, આનંદ-ઓચ્છવ શેરીએ શેરી.

હરતા-ફરતા હીંસે ઘોડા, બાંધ્યા હેમ તણા અછોડા;
ઘૂમે કરી મકના મદગળા, લંગર પાયે સોને સાંકળાં.

હેમ-કળશ ભરી લાવે પાની, તે દાસી જાણે ઇંદ્રાણી;
છપ્પન કોટિ જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા.

ઉત્તમ  જોધ ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામોજી ફેરા ફરે, સંકલ્પ-વિકલ્પ મનમાં કરે:

'ગહન દીસે, ભાઇ ! કર્મની ગતિ, એક ગુરુના અમો વિદ્યારથી;

એ થઇ બેઠો પ્રથવીપતિ, મારા ઘરમાં ખાવા નથી !

રમાદતો ગોકુળ માંકડાં, ગુરુને ઘેર લાવ્યા લાકડાં;
એ આજ બેઠો સિંઘાસન ચદી, મારે તુંબડી ને લાકડી.

વળી સુદામાને આવ્યું જ્ઞાન; 'હું અલ્પ જીવ, એ સ્વયં ભગવાન;
જો એક વાર પામું દર્શન, જાણું: હું પામ્યો ઇંદ્રાસંન.'
છે વિવેકી હરિના પ્રતિહાર, પૂછે સુદામાને સમાચાર:
'કહો, મહાનુભાવ ! કેમ કરુણા કરી?' તવ સુદામે વાની ઓચરી:

'છું દુર્બળ બ્રાહ્મનનો અવતાર, છે માધવ સાથે મિત્રાચાર;
જઈ પ્રભુને મારો કહો પ્રણામ, આવ્યો છે વિપ્ર સુદામો નામ.

વલણ

નામ સુદામો જઈ કહો.' ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયો શ્રીકૃષ્ણને સમાચાર રે.

કડવું **7** રાગ મારુ

સૂતા સેજ્યાએ છે અવિનાશ રે,આઠ પટરાણી છે પાસ રે;
રુક્મિની તળાંસે પાય રે, શ્રી વૃંદા ઢોળે વાય રે.

ધર્યું દર્પણ ભદ્રાવતી નારી રે, જાંબુવતીએ ગ્રહી જલધારી રે;
યક્ષકર્દમ સત્યા સેવે રે, કાલંદ્રી તે અગર ઉખેવે રે.

લક્ષ્મણા તંબોળને લાવે રે, સત્યભામા બીડી ખવરાવે રે;
હરિ પોઢ્યા હિંડોળાખાટ રે, પાસે પટરાણી છે આઠ રે.
બીજી સોલ સહસ્ત્ર છે શ્યામા રે, કો હંસગતિ, ગજગામા રે;
મૃગનેણી  કોઈ ચકોરી રે, કો શામલડી, કો ગોરી રે.

કો મુગ્ધા બાલકિશોરી રે, કો શ્યામછબીલી છોરી રે;
ખળકાવે કંકણ મોરી રે, ચપળા તે લે ચિત્ત ચોરી રે.

કો ચતુરા સંગત નાચે રે, તે ત્યાં રીઝવી સંગમ જાચે રે;
હરિ આગળ રહી ગુણ ગાતી રે, વસ્ત્ર બિરાજે નાના-ભાતી રે.

ચંગ મૃદંગ ઉપંગ ગાજે રે, શ્રીમંડળ  વીણા વાજે રે;
ગાંધ્રવીકળા કો કો કરતી રે, ફટકે અંબર કરમાં ધરતી રે.
ચતુરા નવ ચૂકે ચાલ રે, હીંડે મરમે જેમ મરાલ રે;
મેનકા-ઉર્વશીની જોડ રે, તેથી રીઝ્યા શ્રીરણછોડ રે.

એમ થઇ રહ્યો થૈથૈકાર રે, રસમગ્ન છે વિશ્વાધાર રે;
એવે દાસી ધાતી આવી રે, તે નાથે પાસે બોલાવી રે.

બોલી સાહેલી શીશ નામી રે; 'દ્વારે દ્વિજ ઊભો છે, સ્વામી રે !
ન હોય નારદજી અવશ્યમેવ રે, ન હોય વસિષ્ઠ ને વામદેવ રે.

ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે, મેં તો જોયા ઋષિ સમસ્ત રે;
ન હોય વિશ્વામિત્ર ને અત્રિ રે, નથી લાવ્યો કોની પત્રી રે.

દુ:ખે દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગલ જટા ને ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપિણી સ્ત્રીએ તે વરિયો રે.

શેરીએ ઊભા થોકેથોક રે, તેને જોવા મળ્યા બહુ લોક રે;

તેણે કહાવ્યું કરીને પ્રણામ રે; મારું સુદામો છે નામ રે.

જ્યારે દાસીનો બોલ સાંભળિયો રે, 'હં હં' કરી ઊઠ્યો શામળિયો રે:
'મારો બાળ સ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે.'

ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં નવ પહેર્યાં પાય રે;
પીતાંબર ભોમ ભરાય રે, જઈ રુક્મિની ઊંચું સાહ્ય રે.

આનંદે ફૂલી ઘણું કાય રે, રુદયાભાર શ્વાસ ન માય રે;
ઢળી પડે વળી બેઠો થાય રે, એક પલક તે જુગ વહી જાય રે.

સ્ત્રીને કહેતા ગયા ભગવાન રે; ‘પૂજાથાળ કરો સાવધાન રે;
આ હું ભોગવું રાજ્યાસંન રે, તે તો બ્રાહ્મણનું પુન્ય રે.
જે નમશે એનાં ચરણ ઝાલી રે, તે સહુ -પે મુજને વહાલી રે;’
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજાની કરતી રે.

કહે માંહોમાંહે વળી; ‘બાઈ રે !કિવા હશે કૃષ્ણજીના ભાઈ રે?
જેને હશે શામળિયા - શું સ્નેહ રે, હશે કંદર્પ કોટિ તેની દેહ રે.’

લૈ પૂજાના ઉપહાર રે, ઊભી રહી છે સોલ હજાર રે:
’બાઈ લોચનનું સુખ લીજે રે, આજ દિયરનું દર્શન કીજે રે.’

શુકજી કહે; સાંભળ રાય રે ! શામળિયોજી મળવાને જાય રે;
છબીલોજી છૂટી ચાલે રે, મૂકી દોટ તે દીનદયાલે રે.
સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે, છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે;

જુએ કૌતુક ચારે વર્ણ રે; ક્યાં આ વિપ્ર ને ક્યાં અશરણશર્ણ રે!

જુએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુજી ઋષિને પાયે પડિયા રે;
હરિ ઉઠાડ્યા ગ્રહી હાથે રે, ઋષિજી લીધા હૈડા સાથે રે.

ભુજ-બંધન વાંસા પૂઠે રે, પ્રેમ-આલિંગન નવ છૂટે રે;

પછે મુખ અન્યોન્ય જુએ રે, હરિનાં આંસુ ઋષિજી લુહે રે.
તુંબીપાત્ર ઉલાલી લીધું રે, દાસત્વ દયાળજી એ કીધું રે;
'તમે પાવન કીધું આ ગામ રે, હવે પવિત્ર કરો મમ ધામ રે.'

જોઈ હાસ કરે સહુ નારી રે; 'આ શી રૂડી મિત્રાચારી રે !'
ઘનું વાંકાબોલી સત્યભામા રે :'આ શા ફૂટડા મિત્ર સુદામા રે !'

હરિ આને ઊઠી શું ધાયા રે ?ભલી નાનપણાની માયા રે !
ભલી જોવા સરખી જોડી રે, હરિને સોંધો, આને રાખોડી રે !

જો બાળક  બહાર નીસરશે રે, તે તો જોઈ કાકાને છળશે રે.'
તવ બોલ્યાં રુકમિની રાણી રે; 'તમે બોલો છો શું જાણી રે**?**

વલણ

શું બોલો છો વિસ્મે થઈ**?** હરિભક્તને ઓળખો નહીં.'
બેસાડ્યા મિત્રને શય્ય ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.

કડવું : **8**   રાગ નટ

ભક્તાધીન દીનને પૂજે દાસ પોતાનો જાણી;

સુખસેજ્યાએ ઋષિને બેસાડીચમર કરે ચક્રપાણિ.
નેત્ર-સમસ્યા કીધી નાથે, આવી અષ્ટ પટરાણી;
નેણે હસે સત્યભામા નારી આઘો પાલવ તાણી.

કનકની થાળી હેઠી માંડી, રુક્મિણી નાખે પાણી;
સુદામાનાં ચરણ પખાળે હાથે સારંગપાણિ.

નાભિકમળથી બ્રહ્મા પ્રગટ્યા, આ જગત પલકમાં કીધું;
જેણે સંસાર મુખમાં દેખાડ્યો, માતાનું મન લીધું.

વિશ્વામિત્ર સરખા તાપસને દોહેલે દર્શન દીધું;

તેણે સુદામાનાં પગ પખાળી પ્રીતે ચરણોદક પીધું.

ઓઢવાની જે પીત પિછોડી, તેણે લોહ્યા ઋષિનાં ચરણ;
ષોડશ પ્રકારે પૂજા કીધી પ્રીતે અશરણશરણ.

કર જોડી પ્રદક્ષિણા કીધી, હરિને હરખે આંસુ થાય;
ઊભા રહી વીંજણો કર ગ્રહીને વિઠ્ઠલ ઢોલે વાય.

થાળ ભરીને ભોજન લાવ્યાં ઘૃત-પાક-પકવાન;
શર્કરાયુક્ત ઋષિજીને ત્યાંકરાવિયાં પયપાન.

સૂધાં આચમન કરીને ઊઠ્યા, પ્રીતે ખવડાવ્યાં પાન;
વિધોગતે પરસાદ પ્રમાને આરોગ્યા ભગવાન.
જે સુખ સુદામાને આપ્યું, હરિ બ્રહ્માને નવ આપે;
ફરી ફરી મુખ જુએ મુનિનું, હરખ મુકુંદને વ્યાપે.
સુદામાને ચિંતા મોટી; 'રખે દેખે' ને કાય કાંપે;

પેલી ગાંઠડી તાંદુલ તણી તે જંઘા તળે ચાંપે.
ચરણ તળે ચાંપી રહ્યા જે ગાંઠડી તાંદુલ તણી;
પ્રેમાનંદ-પ્રભુ પરમેશ્વરને જાણવાની ગત છે ઘણી.

કડવું: 9 રાગ મલાર

ગોવિંદે માંડી ગોઠડી: 'કહો, મિત્ર અમારા,
અમો સાંભળવા આતુર છઉં સમાચાર તમારા.
શે દુ:ખે તમો દુબળા? એવી ચિંતા કેહી?'
પૂછે પ્રીતે શામળો: 'મારા બાળ-સ્નેહી !
કોઈ સદ્ ગુરુ તમને મળ્યો, તેણે કાન શું ફૂંક્યો?

શું વેરાગે ત્યાગી થયા કે સંસાર જ મૂક્યો?

શરીર પ્રજાળ્યું શું જોગથી? તેવી દીસે દેહી;
શું દુ:ખે દૂબળા થયા, મારા પૂર્વ-સ્નેહી?
કે શત્રુ કો માથે થયો, ઘણાં દુ:ખનો દાતા?
કે ઉપારજ્યું ચોરીએ ગયું, તેને નહિ તમને શાતા?

ધાતુપાત્ર મળ્યું નહીં, આવ્યા તુંબી લેઈ?
વસ્ત્ર નહીં શું પહેરવા, મારા બાળ-સ્નેહી?
કે સુખ નહીં સંતાનનું, કાંઇ કર્મને દોષે?
કે ભાભી અમારાં વઢકણાં, દહાડી લોહી શોષે?

કે શું ઉદર ભરાતું નથી, તેને સૂકી દેહી?
એટલામાં કિયું દુ:ખ છે, મારા પૂરવ-સ્નેહી?'

પછે સુદામોજી બોલિયા લાજી શીશ નામી:
'તમને અજાણી શી વારતા, મારા અંતરજામી?'

મોટું દુ:ખ વિજોગનું, નથી કૃષ્ણજી પાસે;
આજ પ્રભુ મુજને મળ્યા, હવે દેહી પુષ્ટ થાશે.'

કડવું :10 રાગ  સામગ્રી-ચાલ નાની

પછે શામળિયોજી બોલિયા, તુને સાંભરે રે?
હા જી, નાનપણાનો નેહ, મુને કેમ વીસરે રે?
આપણ બે મહિના સાથે રહ્યા, તુને સાંભરે રે ?
હા જી, સાંદીપના ઘર-મેંહ, મુને કેમ વીસરે રે ?
આપણ અન્ન ભિક્ષા કરી લાવતા, તુને સાંભરે રે?

હાજી, જમતા ત્રણે ભ્રાત, મુને કેમ વીસરી રે?

આપણ સૂતા એક સાથરે, તુંને સાંભરે રે?
હા જી, સુખદુ;ખની કરતા વાત, મુને કેમ વીસરે રે?
પાછલી રાતના જાગતા, તુને સાંભરે રે?

હા જી, કરતા વેદની ધુન્ય, મુને કેમ વીસરે રે?
ગુરુ આપણા જ્યારે ગામ ગયા, તુને સાંભરે રે?
હા જી, જાચવા કોઇ એક મુન્ય, મુને કેમ વીસરી રે?
ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તુને સાંભરે રે?
હા જી, લઇ આવો કહ્યું, કાષ્ઠ, મુને કેમ વીસરે રે?
અંગ આપણાં ઊકળ્યાં ઘણું, તુને સાંભરે રે?
હા જી, માથે તાવડ રાષ્, મુને કેમ વીસરે રે?
ખાંધ ઉપર કુહાડા ગ્રહ્યા, તુને સાંભરે રે?
હા જી, દૂર ગયા રણછોડ, મુને કેમ વીસરે રે?
વાદ વધો બેઉ બાંધવે, તુને સાંભરે રે?

હા જી, ફાડ્યું મોટું ખોડ, મુને કેમ વીસરે રે?

ત્રણ ભારા બાંધ્યા દોરડે, તુને સાંભરે રે?
હા જી, આવ્યા બારે મેહ, મુને કેમ વીસરે રે?
શીતળ સમીર વાયો ઘણો , તુને સાંભરે રે?
હા જી, ટાઢે ધ્રૂજે દેહ, મુને કેમ વીસરે રે?
નદીએ પૂર આવ્યાં ઘણું, તુને સાંભરે રે?
હા જી, ઘન વરસ્યો મુસળધાર, મુને કેમ વીસરે રે?
આકાશ અંધારી આવિયું, તુને સાંભરે રે?

હા જી, થાય વીજળિયા ચમકાર, મુને કેમ વીસરે રે?

પછે ગુરુજી શોધવા નીસર્યા, તુને સાંભરે રે?
હા જી, કહ્યું સ્ત્રીને: કીધો કેર, મુને કેમ વીસરે રે/
આપણ હૃદયા સાથે ચાંપિયા, તુને સાંભરે રે?

હા જી, ગુરુ તેડી લાવ્યા ઘેર, મુને કેમ વીસરે રે?
ગોરાણી ગાય હતાં દોહતાં, તુને સાંભરે રે?
હા જી, હુતી દોણી માગ્યાની ટેવ, મુને કેમ વીસરે રે?
નિશાળે બેઠાં હાથ વધારિયો, તુને સાંભરે રે?
હા જી, તમોને જાણ્યા જગદાધાર, મુને કેમ વીસરે રે?

ગુરુ-દક્ષિણામાં માગિયું, તુને સાંભરે રે?
હા જી, મૃત્યુ પામ્યો જે કુમાર,મુને કેમ વીસરે રે?
મેં સાગર માંહે ઝંપાવિયું, તુને સાંભરે રે?
હા જી, શોધ્યાં સપ્ત પાતાળ, મુને કેમ વીસરે રે?
હું પંચજન્ય શંખ જ લાવિયો, તુને સાંભરે રે?
હા જી, દૈત્યનો આણી કાળ, મુને કેમ વીસરે રે?

પછે જમનગરે હું ગયો, તુને સાંભરે રે?
હા જી, આવી મળ્યો જમરાય, મુને કેમ વીસરે રે?
પુત્ર ગોરાણીને આપિયો, તુને સાંભરે રે?
હા જી, પછે થયા વિદાય, મુને કેમ વીસરે રે?
આપણ તે દહાડાના જૂજવા, તુને સાંભરે રે?
હાજી, ફરીને મળિયા આજ, મુને કેમ વીસરે રે?
તમ પાસ અમો વિદ્યા શીખતા, તુને સાંભરે રે?

હું મોટો કીધો, મહારાજ ! મુને કેમ વીસરે રે?

વલણ

મહારાજ લાજ નિજ દાસની વધારે છે શ્રીહરિ;
પછે દારિદ્ર ખોવા દાસનું સૌમ્ય દૃષ્ટિ નાથે કરી.

કડવું: 11 રાગ: વસંત

સકલ સુંદરી દેખતાં ગોવિંદે ગોષ્ઠિ કીધી;
દારિદ્ર ખોવા દાસનું ગાંઠડી દૃષ્ટમાં લીધી.

અઢળક ઢળિયો રે મુષ્ટિ તાંદુલ માટે,
ઇન્દ્રનો વૈભવ આપશે સ્વલ્પ સુખડી સાટે;
અઢળક ઢળિયો રે મુષ્ટિ તાંદુલ માટે.
'મનવાંછિત ફળ આજ પામ્યો, મિત્ર મળવાને આવ્યા;

કાંઇ  ચતુર ભાભીએ ભેટ મોકલી? કહો, સખા ! શું લાવ્યા?

ચરણ તળે શું ચાંપી રાખો? મોટું મન કરી કાઢો;
અમો જોગ એ નહીં હોય તો દૂર થકી દેખાડો.
એ દેવતાને દુર્લભ દીસે.' કહી જાચે જાદવરાય:
'જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવઠ જાય.'
ભગવાન ભાંજશે, ભરમે ભૂલી જુએ નારી સમસ્ત:
'અલભ્ય વસ્તુ શી છે ઋષિ પાસે? જે હરિ ઓડે છે હસ્ત?'
અવલોકન કરતા6 અલજ્યાં લોચન, ઊભી રહી લઈ પાત્ર;
જદુપતિને જાચે સહુ નારી: 'અમને આપજો તલમાત્ર.'
સુદામો સાંસામાં પડિયો, 'લજ્જા મારી જાશે;
ભરમ ભાંગશે તાંદુલ દેખી, કૌતુક મારું થાશે.

સ્ત્રીને કહ્યે હું લાગ્યો લોભી, તુચ્છ ભેટ મેં આણી;
લાજ લાખ ટકાની ખોઈ, ઘર ઘાલ્યું  ધણિયાણી.'
સુદામાની શોચના તે શામળિયે સહુ જાણી;
હસતાં હસતાં પાસે આવી તાંદુલ લીધા તાણી.
હેઠળ મેલી હેમની થાલી, વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો, પાર ન આવે, છે ચીંથરાં દશવીશ.
પટરાણી જોઈ વિસ્મે પામ્યાં: 'છે પારસ મોંઘું રત્ન,
અમરફળ વા સંજીવનમણિ, આવડું કીધું જત્ન !'

વેરાયા  કણ ને પાત્ર ભરાયું, જુએ સહુ જુવતીનો સાથ;
તાંદુલના કન હ્રદયાં ચાંપી બોલ્યા વૈકુંઠનાથ:

'સુદામા! મેં આ અવનીમાં લીધા બહુ અવતાર,
આ તાંદુલનોસ્વાદ કેવો! નથી આરોગ્યા  એક વાર.

મોટા મિત્ર સેવક મેં જોયા, ધ્રુવ અંબરીષ પ્રહલાદ,
પણ આ તાંદુલનો એકે મિત્રે દેખાડ્યો નહિ સ્વાદ.'
તુચ્છ ભેટ ભારે કરી માની, વિચારિયું ભગવાન:
'સાત જન્મ લગી સુદામે નથી કીધું એકે દાન.'
જાચક-રૂપ થયા જગજીવન, પ્રીત હ્રદયમાં વ્યાપી;
મુષ્ટિ ભરીને તાંદુલ લીધા, દારિદ્ર નાખ્યું કાપી.
કર મરડીને ગાંઠડી લીધી, સાથેથાં દુ:ખ મોડ્યાં,
જેમ જેમ ચીંથરાં છોડ્યાં નાથે, તેમ ભવનાં બંધન છોડ્યાં.
તાંદુલ જવ મુખ માંહે મૂક્યા, ઊડી છાપરી આકાશ;

તેણે સ્થાનક સુદામાને થયા સપ્ત ભોમના આવાસ.
ઋષિપત્ની  થઈ રુક્મિણી સરખી, થયા સાંબ સરીખા પુત્ર;
વૈભવને શું કવિ વખાણે? જેવું કૃષ્ણનું ઘરસૂત્ર.
અષ્ટ મહાસિધ્ધિ ને નવ નિધિ, તે મોકલી વણમાગી;
તે સુદામોજી નથી જાણતા જે ભવની ભાવઠ ભાગી.
હાથી ડોલે, દુંદુભિ બોલે, ગુણીજન ગાયે સાખી;
જડિત્ર હિંડોળો, હેમની સાંકલ, હીંચે છે હરિણાખી.
હીરા રત્ન કનકની કોટી, હાર્યો ધને કુબેર;
કોટિ ધ્વજ, લાખેણા દીપક, વાજે છપ્પન ઉપર ભેર.

વલણ

વાજે ભેર અખૂટ ભંદારની, ત્રૂટ્યા શ્રીગોપાલ રે;
શર્વરી વાતે વહી ગઇ ને થયો પ્રાત:કાળ રે.

કડવું;12 રાગ: મેવાડો

શુકજી કહે: સાંભળ, રાજન ! એક મૂઠડીએ આપ્યું દાન.
વળી વિચારે કમળાપતિ: મેં સુદામા સરખું આપ્યું નથી.'
એક એક કણ જે તાંદુલ તણો, ઇન્દ્રાસન-પેં મોંઘો ઘણો;
દુરબળ દાસના ભાવની ભેટ, પરમાવધિએ ભરાયું પેટ.
હું એ સરખો થઇ વનમાં તાપું, વૈકુંઠની રિધ એને આપું;
સોળ સહસ્ત્ર સાથે રુક્મિણી કરે સેવા સુદામાજી તણી.
દ્વારિકા આપવા મનસા કરી બીજી મૂઠી શ્રીનાથે ભરી,
રુક્મિણીએ જઇ ઝાલ્યો હાથ: 'અમો અન્યાય કીધો શો, નાથ?'

સામું જોઈ હસ્યાં દંપતી, સોળ સહસ્ત્ર કો પ્રીચતી નથી;
સકળ સુંદરીને કરુના કરી, તાંદુલ વહેંચી આપ્યા શ્રીહરિ.
બીજી મૂઠી જ્યારે મુખમાં મૂકે, ગ્રહ્યો રુખમણીએ પાણ;
એમાં શું ઓછું છે, સ્વામી, કે અમને આપો ચતુરસુજાન.

તેમાં સ્વાદ મૂક્યો સુધાસાર,સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્યવિનોદે વહી શર્વરી, પ્રાતે સુદામે જાચ્યા શ્રીહરિ:
'હવે વિદાય આપો, જગજીવંન !' હરિ કહે: 'પધારિયે, સ્વામિન !
વળી કૃપા કરજો કોઈ સમે;' ઠાલે હાથે નરહરિ નમે.
હરિ પોળ લગી વળાવવા જાય, કોડી એક ન મૂકી કર માંહ્ય,
સત્યભામા કહે: 'જાંબુવતી ! કૃપન થયા ઘણું કમળાપતિ.

બ્રાહ્મણ મિત્ર જે પોતા તણો,દીસે દરિદ્રે પીડ્યો ઘણો,
તેને વાળ્યો  નિર્મુખ ફરી;' રુક્મિણી કહે; 'શું  જાણો, સુંદરી?'

બેલડીએ વળગ્યા વિશ્વાધાર, સુદામે જાતાં કર્યો વિચાર:
'વૈભવ આગળ વળિયો છેક, મુને ન આપી કોડી એક.
સોળ સહસ્ત્રની ચોરી કરી કાંઈ ગુપ્ત આપશે વાટે શ્રીહરિ.'
પાય લાગી નારી સહુ ગઈ, તોહે પન કાંઈ આપ્યું નહીં.
કોસ એક વળાવવા કેશવ ગયા, પછે સુદામોજી ઊભા રહ્યા:
'ભૂધરજી ! હવે પાછા વળો,'(તવ) ભેટીને વલ્યા શામળો.
વલ્યા કૃષ્ણ 'ફરી મળજો' કહી, તોહે પણ કાંઈ આપ્યું નહીં;
ઋષિજી તવ મૂકે નિ:શ્વાસ, ચાલ્યો બ્રાહ્મણ થઈ નિરાશ.

ઋષિ અતિ પામ્યો પશ્ચાતાપ, જાય નિંદતો પોતાનું આપ:

‘હું માગવા આવ્યો મિત્ર કને, તેને સમે મૃત્યુ આવ્યું ન મુને !’

સ્ત્રીજિત નર તે શબને સમાન, રંડા ઉપજાવે તે અપમાન,
એકાંતરાં જો પામીએ અન્ન, વા કંદમૂળ કરીએ પ્રાશન;
જો ભૂખે મરે બાળક નાનદાં તો ખવડાવીએ સૂકાં પાંદડાં:

વા પવન ગ્રાસી ભરીએ પે, કે કીજે નીચ પુરુષની વેઠ.
કાષ્ઠ-તૃણનો વિક્રય કરી, અથવા પર-ઘેર પાણી ભરી;
વા હલાહલ વિષ પી પોઢીએ, પન મિત્ર આગળ હાથ ન ઓડીએ.
અજાચક-વ્રત મેં મૂક્યું આજ, ખોઇ લાખ ટકાની લાજ;
દામોદરે મને કીધી મયા, મૂલગા મારા તાંદુલ ગયા !
એ કૃષ્ણને ધન હોયે ઘણું, તે માટે ગામ એનું સોના તણું,
બધ્ધમુષ્ટિનો શો મિત્રાચાર? મોટો નિર્દય નંદકુમાર.

એને આપતાં શું ઓછું થાત?હું બ્રાહ્મણની ભાવઠ જાત;
મુને સામા આવી ભેટ્યા હરિ, પગ પખાળીને  પૂજા કરી.

આસન ભોજન પૂજન ભલું, હું રંકને કોણ કરે એટલું?

એ સહુ કપટી ધૂર્તની સેવા, લટપટ કરી મારા તાંદુલ લેવા.

જેનું લે તેનો ન રાખે ભાર, હરિને નિંદું તો મુજને ધિક્કાર;
ગોપીનાં મહીડાં લીધાં હરિ, તો કમળાનું રૂપ આપ્યું કરી.

ઋષિપત્નીનું લીધું અન્ન, તો સાયુજ્ય-મુક્તિ પામી સ્ત્રીજંન;
ચંદન કુબ્જાનું જો લીધું, તો સ્વરૂપ કમળાનું કીધું.
જો ભાજીપત્રનો કીધો આહાર,તો વિદુર તાર્યો ભવસંસાર;
શ્રીહરિ સહુનો કરે પ્રતીકાર, પણ મારું  કર્મ કઠોર અપાર.’

વિવેકજ્ઞાન સુદામે ગ્રહ્યું; 'ધન ન જડ્યું તો વારુ થયું;
ધને કરી મદ મુજને થાત,ત્યારે હરિની ભક્તિ જાત.
શ્રીકૃષ્ણે મુજને કરુણા કરી, જે દારિદ્રદુ;ખ નવ લીધું હરી;
સુખ પામ્યે વ્યાપે ક્રોધ-કામ, દુ:ખ પામ્યે સંભારિયે રામ.'

વલણ

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચડ્યો;
વિચાર કરતાં ગામ આવ્યું , ધામ દેખી ભૂલો પડ્યો.

કડવું :13 રાગ: રામગ્રી

શુકજી ભાખે હરિગુનગ્રામ જી, ગોઠવણ કરતાં આવ્યું ગામ જી;
દીઠો મંદિર કંચનધામ જી, ઋષિ વિચારે:'શું ભૂલ્યો ઠામ જી?'

ઢાળ

ઠામ ભૂલ્યો પણ ગામ નિશ્ચે, ધામ કો ધનવંતનાં;
એ ભવનમાં વસતો હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.'

એવું વિચારીને વિપ્ર વળિયો, નગરી અવલોકન કરી;
એંધાણી સહુ જોતો જોતો આવ્યો મંદિર તે ફરી.

પછે સુદામો સાંસે પડિયા, વિચાર કીધો વેગળે જઈ:

'આ ભવન ભારે કોણે કીધા? કુટિર મારી ક્યાં ગઈ?'

એ વિશ્વકર્માએ રચી  રચના, મનિખ પામર શું કરે?
કુટુંબ મારું ક્યાં ગયું?' ઋષિ વામ-દક્ષિણ ફેરા ફરે.

કો કીર્તિ બોલે, હસ્તી ડોલે, હયશાળામાં હય હણહણે;
દાસી કનક-કલશે નીર લાવે, ઊભા અયુત સેવક આંગણે.

દુંદુભિ વાજે, ઢોલ ગાજે, માંડવે ઓચ્છવ થાય છે;
મૃદંગ ઢમકે, ઘૂઘરી ઘમકે, ગીત ગુણીજન ગાય છે.

જોઇ સુદામે નિ:શ્વાસ મૂક્યો:'કો છત્રપતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુ:ખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં?'

હોમશાળા, રુદ્રાક્ષમાળા, પવિત્ર કુશની સાદડી;

વિભૂતિ મારી ક્યાં ગઈ? વિપત સામટી કેમ પડી?
દૈવની ગત ગહન દીસે, પડ્યો કર્માધીન;
કુટુંબ-વિજોગની વિટંબણા, હું દૈવે દંડ્યો દીન.

ત્રૂટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી સુંદરી;

છળ્યાં સરખાં છોકરાં,  તે ન મળ્યાં મુજને ફરી.'
સંકલ્પ-વિકલ્પ કોટિ કરતો, આવાગમન-હિંડોળે ચડ્યો;
બારીએ બેઠાં પંથ જોતાં કંથ સ્ત્રીની દ્રષ્ટે પડ્યો.
સાહેલી એક સહસ્ત્ર સાથે જતી પતિને તેડવા;
જલ-ઝારી ભરીને નારી જાયે, જ્યમ હસ્તિની કળશ  ઢોળવા.

હંસગામિની, હર્ષપૂરણ, અભિલાષ થયા મન-ઈચ્છિયા;
ઝમક ઝાંઝર, ઠમક ઘૂઘર, વાજે અણવટ-વીંછિયા.

સાહેલી સર્વ વીંટી વળી, પછે પદ્મિની લાગી પાય;
પૂજા કરી પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય.
દિશ ન સૂઝે  વપુ ધ્રૂજે, છૂટી જટા, ઉઘાડું શીશ;

હસ્તે ગ્રહવા  જાય સ્ત્રી તવ ઋષિજી પાડે ચીસ:
'હું સહેજે જોઇ છું ઘર નવાં, મુને નથી કપટ-વિચાર;
હું વૃધ્ધ્ ને તમો યુવા નારી, છે કઠન લોકાચાર.

ભોગાસક્ત હું નથી આવ્યો, મુને પરમેશ્વરની આણ;

જાવા દ્યો મુને શોભા સાથે, તમને હજો કલ્યાણ.
આ નગરમાં કોઈ નરપતિ નથી, દીસે છે સ્ત્રીનું રાજ;
પાપણીઓ ! ઈશ્વર પૂછશે, મુને કાં આણો  છો વાજ?'

ઋષિપત્ની કહે: 'સ્વામી મારા ! રખે એતા શાપ !
દુ:ખ દારિદ્ર ગયાં, ને ઘર થયાં, શ્રીકૃષ્ણચરણ-પ્રતાપ.'
એવું કહી કર ગ્રહી ચાલી, સાંભળ પરીક્ષિત ભૂપ !
સુદામો પેઠા પોળ માંહે, થયું કૃષ્ણના સરખું રૂપ.

વલણ

રૂપ બીજા કૃષ્ણનું, ગઈ જરા, જોબન થયું;
બેલડીએ વળગ્યાં દંપતી, રતિકામ-જોડું લજાવિયું.

કડવું:14 રાગ: ધન્યાશ્રી

નિજ મંદિર સુદામોજી ગયા, તત્ક્ષણ રૂપે હરિ સરખા થયા;
દંપતી રાજે શોભામાને ભર્યાં, શ્રીહરિએ દુ:ખ દોહેલાં હર્યાં.
ઢાળ

દોહેલાં હર્યાં ને સોહેલાં ક્યાં, ભાવ માટે ભૂધરે;
એક મુષ્ટિ તાંદુલે વિભૂતિ તે લક્ષ યજ્ઞે નવ જડે.
વસન, વાહન, ભવન, ભોજન, ભૂષણ, ભવ્ય ભંડાર;
ચમર, આસન, છત્ર વિરજે—ઈન્દ્રનો અધિકાર.
મેડી, અટાળી, છજાં, જાળી, ઝળકે મીનાકારી કામ;
સ્ફટિકમણિએ સ્તંભ જડિયા, કૈલાસ સરખું ધામ.
વિશ્વકર્મા ભૂલ્યો ભમે જઈ ભવન કેરો ભાવ;

માણેક મુક્તા રત્ન હીરા ઝવેરનો તે જડાવ.
ગોળા ગોળી ઘડા ગાગર, કનકનાં સહુ પાત્ર;
સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર?
જાચકનાં બહુ જૂથ આવે, નિર્મુખ કો નવ જાય;
જેને સુદામો દાન આપે, લક્ષપતિ તે થાય.
ઋષિજીના પુર વિશે ન મળે દરિદ્રી કોય;
કોટીધજા ઘેર ઘેર બાંધી, અકાલ મૃત્યુ ન હોય.
જદ્યપિ વૈભવ ઇંદ્રનો, પણ ઋષિ રહે ઉદાસ;
વેશ રાખે ભોગનો, પણ સદા પાળે સંન્યાસ.
વેદાધ્યયન, અગ્નિહોત્ર, રાખે અંતર હરિનું ધ્યાન;
માળા ન મૂકે, ભક્તિ ન ચૂકે, મહાવૈષ્ણવ ઋષિ ભગવાન.
જે સુદામાચરિત્ર સાંભળે, તેનાં દોહેલાં દુ:ખ જાય;

જન્મદુખ વામે, મુક્તિ પામે, મળે માધવરાય.
છે વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વિંશી ન્યાત બ્રાહ્મણ, કવિ પ્રેમાનંદ નામ.

સંવત સત્તર આડત્રીસ વર્ષે શ્રાવણ સુદિ નિધાન,
તિથિતૃતિયા ભૃગુવાસરે પદબંધન કીધું આખ્યાન.
ઉદરનિમિત્તે કરે સેવા, ગામ નંદરબાર;
નંદીપુરામાં કથા કીધી યથાબુદ્ધિ અનુસાર.
**વલણ**

બુદ્ધિમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદના મનાવ્યા શ્રોતાજન બોલો શ્રીહરિ.


ગંગાસતીના ભજનો
ગુજરાતી
પરમ સખા મૃત્યુ
More free Ebooks to download from aksharnaad.com
રસધારની વાર્તાઓ - ૧
ઝવેરચંદ મેઘાણી
ઈ-પુસ્તકો
એબ્રાહમ લિંકન